ફેબ્રુઆરી ૨૦૨૬

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦






મન-વચન-કાયા ત્રણ ભમરડા ફર્યા જ કરે રાતદા'ડો.
પુદ્‌ગલ પોતે પૂરણ-ગલન કરી રહ્યું છે ને તમે માનો છો કે 'હું કરી રહ્યો છું.'
પુદ્‌ગલ અને ચેતન પોતપોતાના સ્વભાવમાં રમે અને આ (અહંકાર) વચ્ચે ડખો કરે.

## અડાલજ : પારાયણ તથા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા : તા. ૨૦ થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫



## અડાલજ : નવ વર્ષ ૨૦૨૬ની પૂર્વ સંધ્યાએ ભક્તિ : તા.૩૧ ડિસેમ્બર ૨૦૨૫




## વાસદ : ત્રિમંદિરનું ખાતમૂહૂર્ત : તા.૨ જાન્યુઆરી ૨૦૨૬



વર્ષ : ૩૧, અંક : ૬
સળંગ અંક : ૩૬૬
**ફેબ્રુઆરી ૨૦૨૬**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2026
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## ડિસ્ચાર્જ પુદ્‌ગલમાં એકતા ત્યાં ડખો

### સંપાદકીય

પરમ પૂજ્ય દાદા ભગવાન (દાદાશ્રી) કહે છે કે આ જગતમાં આત્મજ્ઞાનીઓને ભોજનાલય-શૌચાલય, પૂરણ-ગલન અને શુદ્ધાત્મા સિવાય બીજું કશું દેખાય જ નહીં. આમાં બધું જ આવી જાય. આત્મજ્ઞાન પ્રાપ્તિ પછી નવું પૂરણ થતું નથી, માત્ર ગલન જ રહે છે. જેમ ભમરડાને દોરી વીંટીને મનુષ્ય પૂરણ કરે છે ને ગલન ક્રિયા ભમરડો કરે છે. તેવી રીતે મનુષ્યમાં આત્માનો પ્રતિનિધિ થઈ બેઠેલો 'હું' પૂરણ કરે છે અને ગલન 'દેહ' કરે છે. આ પૂરણ-ગલન પુદ્‌ગલનું છે, છતાં 'હું' માને છે કે 'હું જ કરું છું.' 'હું' એ અહંકાર ને એ પોતે કર્તા થઈ ગયો છે. આમાં મૂળ આત્મા ક્યાંય નથી.

જ્ઞાન મળ્યા પછી કર્તાપણાનો અહંકાર નીકળી જાય, પણ ડિસ્ચાર્જ અહંકાર રહે છે. જ્યારે ગલનમાં અપજશ મળે ત્યારે સમજાય કે પૂરણ કરતા આપણને આવડ્યું નથી, તેનો આ અત્યારે માર પડે છે. જશ-અપજશ બેઉ પુદ્‌ગલ છે, માટે જશ કે અપજશ મળે તેને જોયા કરો. કર્તાપણાના ભાનથી પુદ્‌ગલ જોડે એકતા થાય ત્યાં ડખો થઈ જાય છે.

મહાત્માઓને જ્યારે ડિસ્ચાર્જ માલ નીકળે ત્યારે મનમાં એમ થાય કે મારાથી આવું કેમ થાય ? એમ કરી ડખો થઈ જાય. પોતાને જુદું જોતા ના આવડે એટલે પોતે ચંદુના મનના, બુદ્ધિના પરિણામોમાં ગૂંચાય ને સફોકેશન અનુભવે છે. મન-વચન-કાયાની અવસ્થામાં ચિત્ત ચોંટ્યું, એને ડખો કહેવાય. જ્ઞાન પછી શુદ્ધાત્માનું લક્ષ અને વ્યવસ્થિતના જ્ઞાનને લઈને પરપરિણતિ 'હું કરું છું, તે કરે છે', એ બધુંય ઊડી ગયું. પરપરિણતિ આપણને બંધ થઈ છે પણ હજુ સ્વપરિણામમાં રહેવાતું નથી ને ! સ્વપરિણામ માટે શું ખૂટે છે ? તપ અને પુરુષાર્થ જોઈશે.

દરેક જગ્યાએ સમાધાન રહે એવું આ અક્રમ વિજ્ઞાન છે. કોઈ ગાળ ભાંડી ગયો હોય કે ચંદુભાઈ કો'કને ગાળ ભાંડે તોય સમાધાન રહે. બન્નેનો ભરેલો માલ નીકળે છે. ચંદુભાઈના મન-બુદ્ધિ-અહંકાર શું કરે છે, એ જોયા કરવાનું. જોયા કરવું એ જ છેલ્લો પુરુષાર્થ છે. જે ભગવાન મહાવીર કરતા હતા, એક પુદ્‌ગલ શું કરે છે તે જ જુએ. બીજા કોઈ ડખામાં ઊંડા ઊતરતા જ નહોતા, એનું નામ જ આત્મરમણતા.

દાદાશ્રીએ આત્મા એટલો ચોખ્ખો કરી આપ્યો છે કે હવે મહાત્માઓએ બે વસ્તુ રાખવી, વર્તમાનમાં રહેવું અથવા તો પોતાના પુદ્‌ગલને જોવું. પુદ્‌ગલના મન-વચન-કાયાના વર્તન જોડે લેવાદેવા જ નથી, તમે તેનાથી તદ્દન જુદા જ છો. મહાત્માઓને આત્મા જોવામાં ને જાણવામાં આવ્યો જ છે. જોવું એટલે ભાન થવું અને જાણવું એટલે અનુભવ થવો. હવે આજ્ઞા સમજીને પાળીએ એમ એમ મૂળ આત્મા પૂરેપૂરો અનુભવમાં આવી જાય. એટલે આજ્ઞા જ પાળવાની, બીજી ડખલમાં પડ્યા વગર હવે આપણે આપણું કામ કાઢી લેવા જેવું છે.

**જય સચ્ચિદાનંદ.**

# ડિસ્ચાર્જ પુદ્ગલમાં એકતા ત્યાં ડખો

## શુદ્ધાત્મા ને પૂરણ-ગલન

**પ્રશ્નકર્તા :** હું એવું જોતો આવ્યો છું કે દરેક વસ્તુમાં મને અપજશ જ મળ્યા કરે છે.

**દાદાશ્રી :** હવે જશ મળે એવું કરવું છે ? અપજશ નથી ગમતો ?

**પ્રશ્નકર્તા :** ના ગમે.

**દાદાશ્રી :** અત્યાર સુધી જે પૂરણ કરેલું હતું ને, તે ગલન થયું. એ ગલન અપજશ આપીને ગયું, એટલે પૂરણ કરતા તમને આવડ્યું નથી. પહેલા પૂરણ કરતી વખતે શું ખરીદી કરવી, એ આવડી નથી. તેનો આ માર ખાધો છે, અત્યારે. જશ મળે તેય જોયા કરો, અપજશ મળે તેય જોયા કરો. કારણ કે જશ-અપજશ બેઉ પુદ્ગલ છે, પૂરણ-ગલન છે. એ પુદ્ગલ સમજવા જેવો શબ્દ છે.

અને અમે તો ચોખ્ખું કહીએ છીએ ને, કે શુદ્ધાત્મા ને પૂરણ-ગલન. ક્રેડિટ એન્ડ ડેબિટ, ક્રેડિટ એન્ડ ડેબિટ. બીજું કશું થઈ જ રહ્યું નથી. બેંકમાં કોઈની મૂકેલી રકમ સ્થિર રહે છે ? આવવાની અને જવાની. પૂરણ અને ગલન બે ખાતા માણસ રાખે છે. (બેંકમાંથી પૈસા) લેવા જાય તે ગલન, (પૈસા) મૂકવા જાય તે પૂરણ.

હવે ટૂંકમાં, ઈન શૉર્ટ દૃષ્ટિમાં તમને સમજાયું ? કમ ટુ ધી શૉર્ટ, નહીં તો આનો તો પાર આવે એવો નથી. આ જગતમાં પાંચ ચીજો છે. આ દેહમાં ત્રણ છે; પૂરણ, ગલન અને શુદ્ધાત્મા. અને બહાર બે જ ચીજો છે; ભોજનાલય અને શૌચાલય. ભોજનાલય તે ભોગવવા યોગ્ય ને શૌચાલય તે છોડવા યોગ્ય. એટલે આખું જગત આમાં આવી ગયું, આ પાંચ શબ્દોમાં. પાછું આ બે શબ્દોમાં બધું આવી ગયું કે શુદ્ધાત્મા ને સંયોગો બે જ છે. લોકને ગુહ્ય વાતની જ સમજ નથી, ત્યાં ગુહ્યતર વાત ક્યાંથી સમજાય ? તો અમારી વાત તે તો પાછી ગુહ્યતમ છે.

આ પૂરણ-ગલન એવરીવ્હેર એપ્લિકેબલ (બધે જ લાગુ પડે એમ) છે. ગલન કુદરતી રીતે થાય છે અને પૂરણ પણ કુદરતી રીતે થાય છે. જ્ઞાન મળ્યું છે માટે ગલન ક્રિયા છે, પૂરણ કરતું નથી એ. જેમ ભમરડો પૂરણ નથી કરતો, ગલન કરે છે. પૂરણ તો માણસ કરે છે ભમરડાનું અને ગલન ભમરડો કરે. તેવી રીતે આ આમાં છે તે, આત્માનો પ્રતિનિધિ છે તે 'હું' પૂરણ કરે છે અને ગલન ભમરડો (દેહ) કરે છે. મન-વચન-કાયા ત્રણ ભમરડા ફર્યા જ કરે રાતદા'ડો. આત્માનો પ્રતિનિધિ છે ને, તે પૂરણ કરે છે, અહંકાર. 'હું છું, હું છું', તે આત્માનેય ગાંઠતો નથી. આત્માની વાત જાણતો જ નહીં ને ! 'હું જ છું' કહે છે. પુદ્ગલ પોતે પૂરણ-ગલન કરી રહ્યું છે ને તમે માનો છો કે હું કરી રહ્યો છું.

જેટલું મહીં પૂરાયેલું હશે તેટલું જ ગલન થશે. નહીં પૂરાયેલું હોય તો પછી તમારું કોઈ નામ જ દેનારું નથી. આખું પુદ્ગલ તે વ્યવસ્થિતને આધીન છે.

આ નફો-ખોટ શું છે ? પૂરણ-ગલન. આત્મા પરમેનન્ટ વસ્તુ અને આ બધી પૂરણ-ગલનવાળી વસ્તુઓ છે. આ પૂરણ થાય ત્યારે 'વધ્યું, વધ્યું' કહીને રાગ કરે અને ગલન થાય ત્યારે 'ગયું' કહીને દ્વેષ કરે અને સંસાર બાંધે. જેમાં રાગ-દ્વેષનો છાંટો હોય, એ તમારો માલ ન્હોય. અને અમારું જ્ઞાન આપીએ છીએ પછી રાગ-દ્વેષ નહીં રહે, તમે

ડખો નહીં કરો તો. એ જ્ઞાન જ કામ એવું કરે છે. આ તો પોતે પરમાત્મા છે પણ આ પૂરણ-ગલનવાળા સંસારમાં અણસમજથી માર ખાય છે.

## પૌદ્‌ગલિક રમણતાની ડખલો

આ પૌદ્‌ગલિક રમણતાવાળું જગત છે ! એક ક્ષણ પણ આત્મા આરાધે, તેનો મોક્ષ થયા વગર રહે નહીં. અવસ્થાઓમાં તન્મયાકાર રહે તેનું નામ સંસાર. અવસ્થાઓમાં તન્મયાકાર એટલે પુદ્‌ગલ રમણતા. 'હું ચંદુભાઈ છું, હું વકીલ છું, આનો મામો છું, આનો સસરો છું, આનો ફૂઓ થઉં.' જો આખો દહાડો ! 'વેપારમાં આમ નફો છે, આમ નુકસાન છે' ગા ગા કરે, એ બધું પુદ્‌ગલ રમણતા. જેમ સંસારીઓ ગાય તેવું ગાણું 'આમ કમાયો ને તેમ ગયો ને આ ખોટ ગઈ ને ફલાણું છે' ને માર તોફાન ! 'સવારમાં વહેલા ઊઠવાની ટેવ મારે. સવારમાં ઊઠતાની સાથે બેડ ટી પીવી પડે. પછી પેલી ટી...' એનું બધું ગા ગા કરે ને તે જાણવું કે આ પુદ્‌ગલ રમણતા. જે અવસ્થા ઊભી થઈને તેની મહીં જ રમણતા. ઊંઘની અવસ્થામાં રમણતા, સ્વપ્ન અવસ્થામાં રમણતા. જાગ્રતમાં ચા પીવા બેઠો તો તેમાં તન્મયાકાર. ધંધા ઉપર ગયો તો ધંધામાં તન્મયાકાર. તેય તન્મયાકાર તો ફૉરેનવાળા (સહજ પ્રકૃતિવાળા તેથી) રહે છે. આ પાછા આ તો તન્મયાકારેય નહીં. આ તો ઘેર હોય ત્યારે ધંધો, ધંધામાં તન્મયાકાર હોય જમતી વખતે. ત્યાં આગળ ધંધા ઉપર (ચિત્તમાં) જમવામાં તન્મયાકાર હોય. એટલી બધી આપણી અવળચંડાઈ ! અવળચંડા કહેવાય અને સ્વરૂપમાં તન્મયાકાર રહે તેનો મોક્ષ.

પુદ્‌ગલ ખાણું, પુદ્‌ગલ પીણું અને પુદ્‌ગલ રમણું છે. આ ત્રણ જ ચીજ જગતમાં બધાને છે. પુદ્‌ગલ રમણતા, પ્રાકૃત રમણતા અને એક પોતાની, આત્માની રમણતા. પોતે પોતાની જ રમણતા ! આ પુદ્‌ગલ રમણતાથી સંસાર ઊભો થાય અને આત્મરમણતાથી મોક્ષ થાય. પુદ્‌ગલથી વિરામ પામવું તેનું નામ વિરતિ.

કોઈ કંઈ કરતું હોય તેને આપણે ન કહી શકીએ કે તમે આ ન કરશો. કારણ કે દરેકનું પુદ્‌ગલ જુદું હોય છે. આપણને (કોઈને) કહેવાનો કશો અધિકાર જ નથી. હા, એટલું કહેવાનો અધિકાર છે કે તમે સ્વરૂપની રમણતા કરો છો કે પુદ્‌ગલની રમણતા કરો છો ? એવું પૂછાય. ત્યારે કહે, 'સ્વરૂપની રમણતા કરીએ છીએ,' તો બરોબર છે. શુદ્ધાત્માની રમણતા એ જ મુખ્ય વસ્તુ છે. અત્યાર સુધી આ પુદ્‌ગલની રમણતા હતી. આ બધું પુદ્‌ગલ જ કહેવાય ને !

**પ્રશ્નકર્તા :** એટલે પુદ્‌ગલ જેવું પૂરણ કરેલું...

**દાદાશ્રી :** એવું જ ગલન થાય છે. સત્તરે ગુણ્યા'તા અને હવે કહે છે કે મારે ત્રણથી ભાગવું છે તો કેમ ભગાતું નથી ? અલ્યા મૂઆ, જેટલે ગુણ્યા'તા એનાથી જ ભાગ તો એ શેષ વગરનું આવે.

**પ્રશ્નકર્તા :** પણ આ ક્રિયાઓ તો નિઃશેષ થતી નથી ને ? કહો છો ને કે ક્રિયાઓ પુદ્‌ગલ કરે છે, તો એ હવે એને નિઃશેષ થવા માટે પાછો એવો ભાગાકાર કરવો પડે ?

**દાદાશ્રી :** પુદ્‌ગલ છે તે એ એવી રીતે જ બધું કાર્ય કરે છે. એમાં આ ડખલ કરે છે કે ના, સત્તરે શું કરવા ભાગે છે, ત્રણે ભાગ, પાંચે ભાગ.

**પ્રશ્નકર્તા :** નહીં તો આમ નિઃશેષ થવાનું હતું ?

**દાદાશ્રી :** હા, એની મેળે ચોખ્ખું જ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** પણ આ ભાગાકાર કરે છે કે ગુણાકાર કરે છે એટલે વધે છે બીજું.

**દાદાશ્રી :** આ લોકો ડખલ કરતા હોય ને તો ઉપર વાદળા (આવરણ લાવ્યા) વગર હોય નહીં. વાદળા લાવ લાવ જ કર્યા કરે, બારે મહિના. ઊલટું ડખલ નથી ત્યાં એટલું સારું છે, નહીં તો આ લોકો જેમાં ને તેમાં મહીં ડખલ કર્યા કરે. અને આપણે આ (જ્ઞાન પછી) ડખલ નહીં ને, એટલે નિરાંત થઈ ગઈ.

## પુદ્ગલની કરામતમાં શું ડખો ?

જગતમાં ચાર વસ્તુ છે. સરવાળા-બાદબાકી એની મેળે જ થઈ રહે છે. કારણ કે પુદ્ગલનો સ્વભાવ છે. ગુણાકાર-ભાગાકાર પોતે કરે છે. તે શેષ વધે છે. મેર મૂઆ, નિઃશેષ ભાગાકાર કર તો ઉકેલ આવશે.

સરવાળો-બાદબાકી પુદ્ગલના છે. ગુણાકાર-ભાગાકાર (વ્યવહાર) આત્માના છે. રાગ ત્યાં ગુણાકાર, દ્વેષથી તેનો ભાગાકાર, ઊંચો થવું એ ગુણાકાર, નીચે થવું એ ભાગાકાર અને રાતે ઓઢીને યોજના કરે છે તે ગુણાકાર કરે છે. મેં પહેલા ભાગાકાર કરવા માંડ્યો, તે નિઃશેષ ભાગાકાર કર્યો એટલે પૂરું થયું. અમારો ભાગાકાર નિઃશેષ હોય. સમભાવે નિકાલ થાય તે નિઃશેષ ભાગાકાર કહેવાય.

ગુણાકાર ને ભાગાકાર તે ક્યારેય પુદ્ગલના હતા જ નહીં, તે (વ્યવહાર) આત્માના જ છે. દેહને પોતાનું શરીર માને છે. આરોપિત ભાવ છે એટલે જગત અવાસ્તવિક દેખાય. એટલે તે ગુણાકાર કરે ને પાછો ભાગાકાર કર્યા કરે. પુદ્ગલના સ્વભાવિક પરમાણુ છે, પણ આત્માનો વિભાવિક સ્વભાવ છે. એટલે ગુણાકાર-ભાગાકાર, ભ્રાંત આત્માનો સ્વભાવ છે. ભાગાકારમાં જ ગુણાકારનું બીજ પડેલું છે ને ગુણાકારમાં ભાગાકારનું બીજ પડેલું છે. તેને આપણે ઘાલમેલ કહીએ છીએ. આ જગતમાં સરવાળા-બાદબાકી-ગુણાકાર ને ભાગાકાર એ ચાર જ વસ્તુ છે. મોટા ભાગના જીવો ભ્રાંતિમાં છે. તે નર્યા ગુણાકાર જ કર્યા કરે છે. બે રકમનો ગુણાકાર કરીએ ને મળતો ન આવે તો તેનું શું કારણ ? આ જગત આખું સાંસારિક સુખથી ભરેલું છે ને તમને સુખ ન આવ્યું તો કંઈક ભૂલ રહી ગઈ છે, તેવી તમને સમજ ન પડે ?

(જ્ઞાની) પાસે તો એક જ રીત હોય, વીતરાગતા. કોઈ પક્ષમાંય ના હોય, કશાયમાં ના હોય. એમની પાસે તો એક જ રીત હોય કે ગુણાકાર થયેલું હોય તેને ભાગીને સમાન કરે અને ભાગાકાર થયેલું હોય એને ગુણીને સમાન કરે. સામસામી ગુણાકાર-ભાગાકાર બે કરી નાખે, એટલે સરખું કરી નાખે, સમાન કરી નાખે. અને જ્યારે જગતને શું ગમે ? ગુણાકાર એકલો જ ગમે. 'ભાગાકાર કેમ કર્યો,' કહેશે. અને જ્ઞાની પુરુષનું તો સમાન જ કરવાનું કામ, વીતરાગતા !

ઑર્ગેનાઈઝિંગ પુદ્ગલનું છે ને કરામતેય પાછી પુદ્ગલની છે, તો પછી તું શું કામ માથું મારે છે ? એમાં શું ડખો કરવાનો ? ડખો કરો તો ડખલ થઈ જાય.

## પોતે સ્વભાવમાં રમે ત્યાં કોનો ડખો ?

આ પુદ્ગલ એટલે પૂર્વ કર્મનો ઉદય, બસ ઉદયનું પોટલું છે આ. એવો કંઈક ઉદય આવે ને પ્રગટ થાય. પુદ્ગલ છે તે ડખો કરે છે, વઢંવઢા કરે છે, આત્માને કશુંય નહીં. આ જ્ઞાન મળ્યા પછી સમજાય કે આત્મા વીતરાગ છે.

અમે જ્ઞાન આપ્યા પછી કર્તાપણાનો અહંકાર તરત નીકળી જાય, પછી ભોક્તાપણાનો અહંકાર

રહે. એટલે આ લઢવાડ કોણ કરે છે ? આ પુદ્ગલ કરે છે. તેને આપણે 'જોયા' કરવાનું છે. આ ને આ, બે પુદ્ગલ શું કરે છે, મારંમારા કરે છે કે શું કરે છે, એ આપણે જોયા કરવું બન્નેવ.

**પ્રશ્નકર્તા :** બધા પુદ્ગલ પરમાણુને ક્લિયર કરવા પડશે ને, ત્યારે મોક્ષ થશે ને ?

**દાદાશ્રી :** એ તો થઈ જ જાય. આપણે શુદ્ધ થઈને આપણા ઘરમાં બેસી જઈએ એટલે પેલું ક્લિયર થઈ જાય એની મેળે. પેલું કરવા જઈએ ત્યારે ના થાય. બારણાં વાસીને બેઠા એટલે પછી એની મેળે બહાર જયા કરે. વાવાઝોડું બંધ થઈને સવારમાં ટાઢું પડી ગયું હોય બધું. એમાં ભાગ લીધો કે બગડ્યું. એટલે આપણે કશું કરવાનું ના હોય, જેમ મરવા માટે કશું કરવું ના પડે એવું. આપણા ઘરમાં સૂઈ ગયા હોય તો પછી નિકાલ થઈ ગયો.

ઈફેક્ટમાં હાથ ઘાલવો નહીં. દેહ તો, મન-વચન-કાયા તો ઈફેક્ટ છે ખાલી, એમાં શું કરવાનું ? એટલે કશું કરવાની જરૂર જ નથી ને !

દેહ તો પડછાયાની જેમ ઊભો થાય છે. પડછાયાને આપણે આમ આમ કરીએ કે (હાથના ઈશારાથી) જતો રહે, જતો રહે, ત્યારે એ શું કરે ? એ પડછાયો એવું કરે કે જતો રહે ? અલ્યા, હું કરું છું, તું શું કરવા ચાળા પાડું છું ? એટલે આ દેહ પડછાયાની પેઠ વળગ્યો છે. પુદ્ગલની છબી છે આ ! ભ્રાંતિથી આપણે માન્યું છે કે આ હું જ છું, તેથી ચેતન જેવો દેખાય છે. પણ જ્યારે બપોરના બાર વાગે ને, ત્યારે આપણે પડછાયો ખોળવા જઈએ તો દેખાય નહીં. જડે નહીં કોઈ જગ્યાએ. અલ્યા, પડછાયો કંઈ ગયો ? ત્યારે કહે, સમાઈ ગયો. ઉપર બાર વાગે ને, એટલે સમભાવમાં આવ્યો સૂર્ય. તેમ આ આત્મા સમતામાં આવે, તે પેલું ઊડી ગયું, હડહડાટ. સમતામાં આવ્યો કે ઊડી ગયું.

પુદ્ગલ એનો સ્વભાવ છોડે નહીં, ચેતન એનો સ્વભાવ છોડે નહીં. પોત પોતાના સ્વભાવમાં રમે અને આ (અહંકાર) ડખો કરે. યે આમચા ને તે આમચા. યે આમચા ને તેય આમચા. અને બહારથી બૈરી પૈણી લાવ્યો, તેય આમચી. જો ઉપાધિ ઘાલી છે ને !

પુદ્ગલ જોડે એકતા કરી એટલે પુદ્ગલ વિનાશી છે તો 'આપણે'ય વિનાશી થવું પડે. 'પોતે' જો પુદ્ગલથી જુદો રહે તો અવિનાશી છે, પોતાનું અમરત્વ માલૂમ પડી જાય. કર્તાપણાના ભાનથી પુદ્ગલ જોડે એકતા થઈ જાય છે.

આ બધી જ પુદ્ગલની અસર છે. જો સહેજ પણ આપણા આનંદને, નિરાકુળતાને હલાવે તો એ પુદ્ગલની અસર છે, ઈફેક્ટ છે, બીજું કશું છે નહીં. પુદ્ગલની ઈફેક્ટ પોતા ઉપર લઈ લીધી છે કે મને થયું આ.

## 'મને કેમ આમ' એ ડખો

તમે તો ભાવથી પ્રતિબદ્ધ કરો છો. મહીં ડખો કરો છો, કે 'મને આમ કેમ થાય ?' હવે આ જ્ઞાન પછી, ખરેખર તમને થાય છે કે પુદ્ગલને થાય છે ? અને જો પુદ્ગલને થાય છે, તો તો ગલન થવું એ એનો સ્વભાવ જ છે. એ એના સ્વભાવમાં છે, તો શું કરવા ડખા ખાવ (કરો) છો ? આ ચોખાને ગરમ કરીએ તો ચઢી જાય. એટલે લોક કહેશે, આ ચઢ્યા ને પેલા કાચા હતા. તે કકળાટ કર્યા કરે ને ડખા કર્યા કરે છે. પણ આ તો તમને પહેલાની પેલી ટેવ પડી ગઈ છે ને, 'આ સારું ને આ ખોટું,' 'આવું થાય તો સારું ને આવું થાય તો ખોટું.' એવું સારું-ખોટું

પુદ્‌ગલમાં છે જ નહીં કશું. પુદ્‌ગલ તો પુદ્‌ગલના સ્વભાવમાં જ છે. એટલે ક્ષેત્ર તમને બંધનવાળું લાગે છે કોઈ જગ્યાએ ? અમદાવાદ સાંભરતું નથી ને કોઈ ફેરો ? નહીં ? એટલે ક્ષેત્ર બંધનવાળું થતું નથી. પછી દ્રવ્ય એટલે વસ્તુ જે ભેગી થાય ને, તેનું બંધન ના હોય. સંયોગ જે ભેગા થવાના ને, એ સંયોગ બધા દ્રવ્ય સ્વરૂપ છે. તેનું બંધન ના થવું જોઈએ. કોઈ સંયોગોમાં ચોંટવાનું નહીં, જોયા જ કરવાનું બસ ! એટલે દ્રવ્યથી બંધન નથી, ક્ષેત્રથી બંધન નથી ને ભાવથી બંધન નથી. આ ત્રણના બંધન ના હોય એટલે કાળથી બંધન હોય નહીં. અહીંના બદલે નીચે લઈ જાય તો તેમ ! અહીંથી કહેશે, આમ ચાલો તો તેમ ! આમ લઈ જાય તો તેમ ! એટલે કોઈ પ્રકારનું બંધન રહ્યું નહીં હવે !

એટલે કોઈ ચીજ બાંધે નહીં, આ જગતમાં ! નિરંતર અપ્રતિબદ્ધ દશા ! બંધાય કે તરત મોઢાનું હાસ્ય જતું રહે. હાસ્ય જતું રહે તો જાણવું કે પ્રતિબદ્ધતા. એટલે પ્રતિબદ્ધતા નહીંની નિશાની શું ? મુક્ત હાસ્ય હોય.

## વ્યથિત કોણ ? જાણનાર કોણ ?

**પ્રશ્નકર્તા :** પુદ્‌ગલને સુખ અને દુઃખની ઈફેક્ટ થતી હોય, ચંદુભાઈ રડતા હોય અને હું ચંદુભાઈને જોતો હોઉં, તો એ અનુભવથી જુદા કહેવાય કે શબ્દથી જુદા કહેવાય ?

**દાદાશ્રી :** અનુભવથી. ચંદુભાઈને અસર થાય એ કચાશ છે. મંદતા જે છે ચંદુભાઈની ને તે ડિસ્ચાર્જ રૂપે છે, અને ડિસ્ચાર્જ તો કોઈને છૂટકો જ ના થાય ને !

ભગવાન મહાવીરને અહીં બરુ પેસી ગયું હતું. તે મોઢા પર એ જે છ-આઠ મહિના રહ્યું, તે મોઢા ઉપર શું રહેતું હશે ભગવાનને ? વ્યથિત રહેતા હતા.

**પ્રશ્નકર્તા :** દર્દ થાય એટલે વ્યથિત રહે ને !

**દાદાશ્રી :** તેથી કંઈ કર્મ ચોંટી પડ્યું ? અને તોય ઉકેલ આવ્યો. નિવારણ થઈ ગયું એમને. કંઈ ચોંટી પડ્યું નથી વ્યથિત થવાથી. કારણ કે પોતે વ્યથિત નથી, દેહ વ્યથિત છે. એવી રીતે તમે પોતે ક્રોધ-માન-માયા-લોભ કષાયમાં નથી, એ આ પુદ્‌ગલ છે. પુદ્‌ગલનો તો નિવેડો આવી જાય છે. એનો નિકાલ થવો જ જોઈએ. એનાથી કંટાળવાનું ના હોવું જોઈએ.

આપણે ગ્રાહક શેના છીએ, એટલું જોવું. શેના ગ્રાહક છીએ ?

**પ્રશ્નકર્તા :** આત્માના.

**દાદાશ્રી :** હા, શુદ્ધાત્માના ગ્રાહક. તેમ છતાં પુદ્‌ગલ જોવામાં વાંધો નથી. પુદ્‌ગલ એટલે પુદ્‌ગલ.

## જોવાથી થાય શુદ્ધિ

**પ્રશ્નકર્તા :** તમે શુદ્ધાત્મારૂપે રહીને તમારા અહંકાર-મન-બુદ્ધિને જોયા કરો અને પછી આપે કીધું કે એમને શુદ્ધ કર્યા વગર તમારો છુટકારો નહીં થાય. તો પછી જે ઘડીએ એને શુદ્ધાત્માપદ પ્રાપ્ત થયું, તો એમ ને એમ એ શુદ્ધ ના થઈ જાય ?

**દાદાશ્રી :** એ અમારી આજ્ઞા પાળો ને, એટલે જોવાય. એ જોવાથી શુદ્ધ થઈ જાય. એને અશુદ્ધ જોયો, અશુદ્ધ કલ્પ્યો એટલે બંધાયો. એને શુદ્ધ જોયો એટલે છૂટો થઈ ગયો.

**પ્રશ્નકર્તા :** ખાલી એને જોયા કરવાથી જ એ પ્રક્રિયા ચાલુ થઈ જાય ?

**દાદાશ્રી :** હા, ચંદુભાઈ શું કરે છે એ

તમારે જોયા કરવાનું. ચંદુભાઈની બુદ્ધિ શું કરે છે, ચંદુભાઈનું મન શું કરે છે, એ જોયા કરવાનું.

પાછું આપણે ગભરાવું નહીં, ગભરાય લોક. ચંદુભાઈને આપણે જાણીએ કે આ ભઈનો સ્વભાવ આવો છે મૂળથી, એને પાંસરો કરવા જઈએ તો કેટલાય અવતાર બગડે ! માલ સારો હોય તોય નાખી દેવાનો છે ને એ ખરાબ માલેય નાખી દેવાનો છે. જ્યાં નાખી જ દેવાનો છે ને ! એટલે સ્વભાવમાં આવી ગયા, પછી શું ? એટલે જોયા કરવું. જે માલ છે, એની કિંમત નથી, નો વેલ્યુ ! આત્મા પ્રાપ્ત કર્યા પછી પુદ્ગલની વેલ્યુ નથી કોઈ જાતની. બહુ ડાહ્યો હતો, તે ડાહ્યો વધારે ખરડાયો ઉલ્ટો. દોઢ ડાહ્યો તો માર જ ખાયા કરે એવું છે આ જગત !

**પ્રશ્નકર્તા :** તો કોઈને શાબાશી આપવી કે ના આપવી ?

**દાદાશ્રી :** આપે કે ના આપે, તે ચંદુભાઈ આપે ને, તમારે ક્યાં આપવાની છે ? તમારે નહીં આપવાની. ચંદુભાઈ આપે તે જોવું, ના આપે તેય જોવું. ચંદુભાઈ શું કરે છે, એને આપણે જોયા કરવાનું. ભગવાન મહાવીર એક જ કામ કરતા'તા આખો દા'ડો, એક પુદ્ગલને જ જો જો કર્યા કરતા'તા. ક્યાં ક્યાં મહીં પરિવર્તન થાય છે, બીજું શું સ્પંદન થાય છે, બધું જોયા જ કરે મહીં. આંખની પાંપણ હાલ્યા કરે તેય જોયા કરે. હવે એ જે ભગવાન મહાવીર જોતા'તા ને, તે લોક જુએ છે, તેના કરતાં જુદું જોતા'તા. લોક તો આ ઈન્દ્રિય દૃષ્ટિથી જુએ છે અને ભગવાન અતીન્દ્રિય દૃષ્ટિથી જોતા'તા. જે ઈન્દ્રિય દૃષ્ટિવાળાને નથી દેખાતું, એ બધો ભાગ ભગવાનને દેખાતો'તો.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, જોયા કરવાની જે વાત આમ કહીએ છીએ પણ ખરેખર તો મોટામાં મોટો પુરુષાર્થ તો એ જ થયેલો છે, જ્ઞાતા-દ્રષ્ટામાં રહેવાનું અને પેલું જોયા કરવાનું.

**દાદાશ્રી :** એ છેલ્લો પુરુષાર્થ, ભગવાન મહાવીર કરતા હતા તે.

એક આચાર્ય મહારાજે પૂછ્યું કે 'ભગવાન, તમે શું જોયા કરો છો બધું ?' ત્યારે ભગવાન કહે, 'હું તો પુદ્ગલને જ જોયા કરું છું.' બીજું બધું તો આ આંખેથી જ દેખાય છે. એ કંઈ જોયા કર્યું ના કહેવાય. મેં તો તમને રસ્તો દેખાડ્યો છે જોવાનો. કારણ કે પુદ્ગલ જોવાનું તમને હજુ ફાવે નહીં બરોબર. એટલે મેં શું કહ્યું કે રિયલ ને રિલેટિવ જુઓ, બહાર દરેક રિલેટિવ દેખાય. તેની મહીં રિયલ જુઓ તો ત્રણ કલાક જોતા જોતા જાઓ ને, તો સમાધિ એવી સુંદર રહે ! ત્રણ કલાક નહીં, એક કલાક જ જુઓ તોય પુણિયા શ્રાવક જેવી સમાધિ રહે.

અને બીજા જોડે વ્યવહાર કરો ને, કોઈ ગાળો ભાંડતો હોય તેને ગાળ ભાંડનારા તરીકે જોવાવો ના જોઈએ. એને શુદ્ધાત્મા જોવો જોઈએ. કોણ ગાળ ભાંડે છે તે જોવાનું અને એ કોણ છે, તેય જોવાનું. બન્ને સાથે રહેવું જોઈએ એ બધું જ્ઞાન. અને આપણું જ્ઞાન રાખે એવું છે બધાને.

**પ્રશ્નકર્તા :** જો દૃષ્ટિ ના આપી હોય તો આ બધી વાત માત્ર શબ્દોમાં જ રહે.

**દાદાશ્રી :** એ પાંચ આજ્ઞા આપી છે ને, એમાં બધું આવી જાય !

## શુદ્ધ ઉપયોગીને જગત નિર્દોષ દેખાય

અમારી આજ્ઞામાં રહ્યો એ સંપૂર્ણ શુદ્ધ ઉપયોગ ! 'શુદ્ધ ઉપયોગી'ને આ જગતમાં કશું જ અડે એવું નથી. શુદ્ધ ઉપયોગ થાય તો ડખો

જ નથી કોઈ જાતનો. સહેજેય ડખો નથી. એમાં બધું આવી ગયું છે. બીજા અમારા વાક્ય શુદ્ધ ઉપયોગ કરવા માટે છે. એક-એક વાક્ય આપેલું છે, બધા જુદા જુદા. સમજે તો ગોટાળો ના કરે. એટલા માટે કહ્યું કે નિર્દોષ જ જગત છે, એમાં દોષિત શું જોવાનું ? વગર કામના બીજાના દોષ જુઓ ત્યારે ને ! હંમેશાં દોષ ક્યારે દેખાય ? તો આપણામાં દોષ ઊભો થાય કે તરત બીજાનો દોષ દેખાય. નિયમ જ એવો, નહીં તો દોષ ના દેખાય. એટલે આ બધો ઉપયોગ બગડી જાય પછી. બાકી પરઉપયોગ તો નથી થતો. પરઉપયોગ થતો હોય ત્યારે તો મોઢું બગડી જાય, કષાય ભાવ થાય.

**પ્રશ્નકર્તા :** જગત નિર્દોષ છે, તે શુદ્ધ ઉપયોગ ખરો, પણ એ તો બહારનો ઉપયોગ થયો.

**દાદાશ્રી :** ના, બહારનો નથી.

**પ્રશ્નકર્તા :** કારણ કે એ બાહ્ય દૃષ્ટિ માટે થયો ને ?

**દાદાશ્રી :** બાહ્ય ને આંતરિક એનો સવાલ જ નથી રહેતો. કારણ કે પોતે શુદ્ધ પોતાની જાતે રહેવું અને શુદ્ધ જોવું એ શુદ્ધ ઉપયોગ. નિર્દોષ જોવું, એનું નામ શુદ્ધ ઉપયોગ.

**પ્રશ્નકર્તા :** એટલે પોતે એકલો હોય ત્યારે પોતાની જાતને પણ શુદ્ધ જોવું, એ શુદ્ધ ઉપયોગ.

**દાદાશ્રી :** શુદ્ધ જુએ છે, એ તો માને જ છે, પણ પોતાની અંદરનું બધું જે સૂક્ષ્મ છે એ જ્ઞેયને જોવું.

**પ્રશ્નકર્તા :** જે હોય એને જોવું. ખરો ઉપયોગ તો તે જ છે ને ?

**દાદાશ્રી :** એ બધો સરખો જ, પણ છેવટે આની પર આવવું પડે. કારણ કે પેલું બહારનું તો કાયમને માટે હોય નહીં. એક ફેરો ડિસિઝન પૂરતું જ છે. ઉપયોગ બહાર રાખવાનો પણ શુદ્ધ ઉપયોગ રાખવાનો. મહીં કંઈ ઓરડીઓ નથી, કે મહીં ને મહીં રાખી મેલવાનો. ભગવાન મહાવીરેય બહાર બધે ઉપયોગ રાખતા હતા પણ શુદ્ધ ઉપયોગ. જગતનો અશુદ્ધ છે, અશુભ છે, શુભ છે ને આમનો શુદ્ધ હોય. આમનું જગતના જેવું જ વર્તન બધું, ઉપયોગમાં જ ફેર ! ઉપયોગ શુદ્ધ કરવાનો છે. શુદ્ધ ઉપયોગ એટલે બહાર આમ જોઈએ તો શુદ્ધાત્મા જોવાય. પોતાનું સ્વરૂપ શુદ્ધ છે, બીજું શુદ્ધ જોવાય એ શુદ્ધ ઉપયોગ.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, બે વસ્તુ એક સાથે ચાલતી હોય, પેલા માણસનો દોષ પણ દેખાય. અને જ્ઞાન પણ કહે કે ભઈ, એનો કંઈ વાંક જ નથી.

**દાદાશ્રી :** દોષ તો બાહ્ય દૃષ્ટિથી દેખાય છે અને અંતર દૃષ્ટિથી નિર્દોષ દેખાય છે. એ નિર્દોષ દેખાય છે તે આપણું સમ્યક્ દર્શન. હવે નિર્દોષ ના દેખાડે તો એ માણસ કાચો પડી ગયો કહેવાય.

## શુદ્ધ ઉપયોગી, કશામાં ના પડે

**પ્રશ્નકર્તા :** શુદ્ધ ઉપયોગ કઈ રીતે કરવો ?

**દાદાશ્રી :** ચંદુલાલ શું કરી રહ્યા છે, એને જોયા કરવું અને જાણ્યા કરવું એ શુદ્ધ ઉપયોગ કહેવાય. એટલે પોતાની પ્રકૃતિને નિહાળવી, એનું નામ શુદ્ધ ઉપયોગ. શુદ્ધ ઉપયોગ એટલે એ તો નિરંતર જાગૃત. બીજા કશામાં પડે જ નહીં. ખાય ખરા પણ ખાવામાં પડે નહીં, કશામાં. બધાને એટલું બધું જ્ઞાન ના રહે પણ અમુક રહે ને, તોય બહુ થઈ ગયું. ચંદુભાઈ શું કરે છે એને તમે જુઓ ને, તોય બહુ થઈ ગયું. ચંદુભાઈ ખાવામાં રહેતા હોય તેને તમે જુઓ, તોય તમે ઘણા આગળ ચાલ્યા. આપણે અહીંયા જ્ઞાન લીધેલું હોય તે બધા શુદ્ધ

આપણા હાથમાંથી હજાર રૂપિયાનું પાકીટ એ લઈ લે તો આપી દેવું એવો મત નથી. વખતે ચંદુભાઈ એને ધોલ મારીને પાછું લઈ લે, એય વાંધો નથી. પણ તમારે આ બધું સીન 'જોવો' જોઈએ. ધોલ મારે ને ગમે તે નાક દબાઈને લઈ લે, પણ આપણે ચંદુભાઈને જાણવું જોઈએ કે ચંદુભાઈએ શું કર્યું અને પેલાએ શું કર્યું ? છતાંય એનામાં અશુદ્ધતા ના દેખાવી જોઈએ, બસ એટલું જ. આનું નામ શુદ્ધ ઉપયોગ !

**પ્રશ્નકર્તા :** ફક્ત આ જોવું ને જાણવું એટલું રહે, એને જ શુદ્ધ ઉપયોગ કહેવાય ?

**દાદાશ્રી :** હા, એ જ શુદ્ધ ઉપયોગ. મહીં ખરાબ વિચાર આવ્યા કે આમ કરો, તેમ કરો, કુસંગના વિચારો આવ્યા, તે શું આવ્યા તે આપણે જોઈએ અને જાણીએ. એટલે આપણે ફરજ બજાવી દીધી. અને તન્મયાકાર થયા કે મરી ગયા ! જોવા-જાણવાનો અર્થ શું કે તન્મયાકાર ના થવાય.

## પુદ્ગલની કુસ્તી એ જ 'ડખલ'

શુદ્ધ ઉપયોગ એટલે શું કે પોતાની જાતને શુદ્ધ જાણી અને તું શુદ્ધ જો. (એટલે) પોતાની જાતને 'હું શુદ્ધ છું' એવી પ્રતીતિ, લક્ષ ને અનુભવથી જો અને બીજાનામાં તે રૂપે જો, એનું નામ શુદ્ધ ઉપયોગ.

હવે વખતે કોઈ માણસ આવડો મોટો ફૂલોનો હાર ચડાવી ગયો, એટલે તે ઘડીએ આપણને એના તરફ ભાવ આવ્યો કે બહુ સારો માણસ હતો. અને પછી એક માણસે એ હાર તોડી નાખ્યો ને ફેંકી દીધો, આપણી પાસેથી લઈને. તો એના પર અભાવ થાય તે શુદ્ધ ઉપયોગ ના કહેવાય. એક પહેરાવે, એક તોડી નાખે. એક માન આપે, એક ગાળો ભાંડે પણ એનામાં ફેરફાર ના હોય. એ ઉપયોગ રાખે. અને શુદ્ધ ઉપયોગ એટલે શું ? તે 'ચંદુભાઈ શું કરી રહ્યા છે, ચંદુભાઈનું મન શું કરી રહ્યું છે !' એ બધાને વિગતવાર જાણવું.

જેમ સિનેમામાં બેઠેલો માણસ ફિલમ અને પોતે, બન્નેને વિગતવાર જાણે છે કે નથી જાણતો ? એટલું વિગતથી એ જાણે ત્યારે એ શુદ્ધ ઉપયોગ કહેવાય. દ્રષ્ટા અને દૃશ્ય એટલા બધા છેટા હોય કે ત્યારે એ શુદ્ધ ઉપયોગ કહેવાય.

હવે તેમાં શુદ્ધ ઉપયોગની શરૂઆત કેવી થાય ? ત્યારે જેમ કોઈ ધોલ મારતો હોય આપણને તે ઘડીએ તમને દેખાય, કે 'ઓહોહો, ચંદુભાઈ જેવા સારા માણસને પણ આ ધોલ મારે છે !' તમને દેખાય છતાં તમે માનો કે ભોગવે છે ચંદુભાઈ, માટે ભૂલ તો પોતાની જ ને ! આ બધું તમને એક્ઝેક્ટ દેખાય અને એ સામો માણસ શુદ્ધ દેખાય, એ શુદ્ધ જ છે. તમે જેવા શુદ્ધ છો, એવો એ શુદ્ધ જ છે. ભલે એણે જ્ઞાન નથી લીધું, પણ એ શુદ્ધ જ છે. એને જો અશુદ્ધ માનશો તો તમારો ઉપયોગ બગડ્યો. ત્યારે કહે છે એ આત્મા તો શુદ્ધ છે, પણ બહારનો ભાગ ? બહારનો ભાગ તો આનો ખરાબ જ છે ને ? ત્યારે કહે, 'ના, તમારા માટે એ ખરાબ નથી, એના માટે ખરાબ છે.' 'ત્યારે હવે સાહેબ એમાં કંઈ ન્યાય બતાવો. કેમ અમારે માટે ખરાબ નહીં હોય ? ધોલ મારે છે વળી પાછો. રાજી થઈને મારે છે !' ત્યારે કહે, 'એ એના પોતાના માટે ખરાબ છે, પણ તમારા માટે ખરાબ નથી એ. કારણ કે તમારે સમજી લેવું જોઈએ કે આ કર્મના ઉદયે મારી રહ્યો છે. કોનું કર્મ ? જેને વાગે છે ધોલ, તેનું કર્મ. તો પછી એનો શો દોષ ?' કહો ! રીત હશે ને ? એવું નિર્દોષ જુએ ત્યારે શુદ્ધ ઉપયોગ ! આપણને ગાળો ભાંડતો હોય તે ઘડીએ નિર્દોષ દેખાય, ત્યારે શુદ્ધ ઉપયોગ !

ફેરફાર થાય છે ત્યાં સુધી એ હજુ શુદ્ધ ઉપયોગ થયો નથી, જેટલો જોઈએ એવો.

**પ્રશ્નકર્તા :** ફેરફાર થાય જ છે, દાદા. અસર થઈ જાય છે.

**દાદાશ્રી :** એ ફેરફાર થાય એટલે જાણવું કે એટલો કચરો છે હજુ. શુદ્ધ ઉપયોગ એટલે આત્મા ભૂલાય નહીં. એટલે જેટલો વખત રાગ-દ્વેષ ના થાય, એ શુદ્ધ ઉપયોગ કહેવાય.

**પ્રશ્નકર્તા :** અહીંયા સત્સંગમાં બેઠા હોઈએ અને બધામાં આપણે શુદ્ધાત્મા જોઈએ એ શુદ્ધ ઉપયોગ કહેવાય ?

**દાદાશ્રી :** હા, તે બધામાં શુદ્ધાત્મા જોઈએ પણ કો'ક આવીને ધોલ મારે અને એનામાં શુદ્ધાત્મા ના દેખાય તો આપણે જાણવું કે ન્હોય શુદ્ધ ઉપયોગ. પોલીસવાળો જેલમાં લઈ જતો હોય, તે ઘડીએ પોલીસવાળામાં શુદ્ધ જ દેખાય આત્મા ત્યારે ખરું ! બૈરી ગાળો ભાંડતી હોય, તે ઘડીએ બૈરીમાં આત્મા શુદ્ધ દેખાય ત્યારે સાચું. મેં એવો આત્મા તમને આપ્યો છે, તમારે જાણવાની જરૂર. મેં કેવો આત્મા આપ્યો છે ? નિવ્વળ શુદ્ધ આત્મા આપ્યો છે. ક્યારેય પણ પાછો હતો એવો ના થઈ જાય. એટલે તમારી તૈયારી જોઈશે.

પોતે શુદ્ધાત્મા તો થયા એટલે પોતે 'શુદ્ધ જ છું' એવું માનવાનું. વખતે ચંદુભાઈમાં છે તે કર્મનો ઉદય કોઈ એવો હોય પૂર્વનો, જે સંસારના લોકોને ઘૃણા ઉત્પન્ન થાય એવો હોય. તોય તમારે તમારું શુદ્ધત્વ જે છે, એનામાં ફેરફાર ના થવો જોઈએ. મેં તમને શુદ્ધ સ્વરૂપ આપેલું છે. પછી ઉદયકર્મ જો ગમે તે ભરેલા હોય, તે નીકળ્યા કરે. પોતાનાથી ખરાબ કામ થઈ ગયું તો પોતાની જાતને હું બગડી ગયો છું કે અશુદ્ધ થઈ ગયો એવું થાય, એ શુદ્ધ ઉપયોગ ના કહેવાય. ગમે તેવું કામ પોતાનાથી થઈ ગયું છે, પણ હવે એ તો તારું નથી કામ, આ તું જુદો પડ્યો ને એ કામ કરનારો જુદો. તું અશુદ્ધ નથી થયો. જે અશુદ્ધ છે તે જ અશુદ્ધ થયું છે, સાથે એવી જાગૃતિ રહેવી જોઈએ.

હવે પછી બીજો તમને ગાળો ભાંડે છે એવું તમે મને ફરિયાદ કરો તો હું જાણું કે તમે શુદ્ધ ઉપયોગમાં રહ્યા નથી. એને શુદ્ધ જ જુઓ. એય શુદ્ધ જ છે અને આ જે ડખલ છે એ પુદ્‌ગલની કુસ્તી છે. કુસ્તી કોણ કરે છે ? આ પુદ્‌ગલ અને માથે લે છે પોતે. અને પછી કહેશે કે આ ભઈએ મારું અપમાન કર્યું. એટલે હું કહું કે તારો શુદ્ધ ઉપયોગ નકામો ગયો. શુદ્ધ ઉપયોગ ક્યારે ગણવામાં આવે છે કે બધાનામાં શુદ્ધ જ છે એમ જોવામાં આવે.

મહાવીર ભગવાનને ચોવીસેય કલાક જે શુદ્ધ ઉપયોગ રહેતો'તો. તે તમને પાંચ મિનિટ, દસ મિનિટ, પંદર મિનિટ થાય તો બહુ સારું. ભગવાન શું કરતા'તા ? ઢેખાળો મારે તેને શુદ્ધ જોતા'તા, ધોલ મારે તેને શુદ્ધ જોતા'તા, ઉપર કાદવ નાખતા'તા તેને શુદ્ધ જોતા'તા, મારતા'તા તેને શુદ્ધ જોતા'તા. આ વીતરાગ વિજ્ઞાન ચોવીસ તીર્થંકરોનું, શુદ્ધ ઉપયોગનું જ્ઞાન છે ! અહીં સંસારમાં હરતા-ફરતા મોક્ષ આપે એવું છે !

## પોતાના પુદ્‌ગલને જોવાનું

બબ્બે હજાર વર્ષથી સાધુ-સંન્યાસીઓ, આચાર્યો કહેતા આવ્યા છે. સાપ હોય તેનો કણો ઈંડામાંથી નીકળે છે ને તેને આંગળી અડાડો તો તરત ફેણ માંડે. હજી તો સાપના સંસ્કાર પણ નથી જોયા, તેમ આ ઈન્દ્રિયો ફેણ માંડે છે તે ઈન્દ્રિયોનો સ્વભાવ છે. આપણે કહીએ કે નથી સાંભળવું તો સંભળાઈ જાય, ના જોવું હોય તોય જોવાઈ જાય. તે તેનો સ્વભાવ છે. હવે આ ઈન્દ્રિયો પુદ્‌ગલ

છે, પરમાણુઓની બનેલી છે. પૂરણ-ગલન છે, આત્માની કોઈ ચીજ નથી. તે ખરેખર ભોગવતો નથી, ઈન્દ્રિયો ભોગવે છે. પણ 'પોતે' માને છે કે 'હું ભોગવું છું', તેવો અહંકાર કરે છે અને વિકલ્પ કરે છે કે 'મેં ભોગવ્યું. દુઃખો પણ મેં ભોગવ્યા, મને (દુઃખ) પડ્યા.'

તેથી દુઃખ આત્મા નથી ભોગવતો, ઈન્દ્રિયો ભોગવે છે. પણ આ 'હું છું' તેની આંટી પડી ગઈ છે. એક માણસ ખોળી લાવો કે જેણે એક પણ ઈન્દ્રિય જીતી હોય !

અતીન્દ્રિય પ્રત્યક્ષ આત્માની કળા છે. ઈન્દ્રિય પ્રત્યક્ષ સર્વાંગ પુદ્ગલની કળા છે. આ અમારું કથિત કેવળજ્ઞાન છે.

આ જગતમાં પુદ્ગલ એકલું જ્ઞેય છે.

**પ્રશ્નકર્તા :** જ્ઞેયો બધા પૌદ્ગલિક સ્વરૂપે હોય ?

**દાદાશ્રી :** હા, પરમાણુ સ્વરૂપે ના હોય પણ સ્કંધ રૂપે હોય. જે પૂરણ-ગલન થયેલું હોય એ જ્ઞેય છે. પૂરણ થયેલું ના દેખાય ત્યારે ગલન થયેલું અવશ્ય દેખાય. પુદ્ગલ એટલે જે પૂરણ થયેલું છે, એ ગલન શી રીતે થયું, એટલું (પોતે) જોયા કરે.

છેવટે ભગવાન મહાવીરે શું જોયું ? ગાંડો દેખાય, ડાહ્યો દેખાય, ચોર, લુચ્ચો કે લબાડ દેખાય, વેશ્યા કે સતી દેખાય, તે બધામાં એક જ પુદ્ગલ જોયું. જેમ સોનાના જાત જાતના અને ભાત ભાતના દાગીના હોય, તે ન જોતા એક માત્ર સોનું જ બધામાં જુએ તેમ આ 'માણસ'માં 'તેની' 'પ્રકૃતિ' કશું જ ન જોતા, બધા જ એક માત્ર પુદ્ગલ છે તેમ જોવાનું છે. એથી આગળ તો આ જ પોતાના પુદ્ગલમાં જોવાનું, બીજાના પુદ્ગલોને નહીં જોવાનું.

## જ્ઞાની પુરુષની પ્રત્યક્ષતાથી આવે ઉકેલ

જગતના લોકોને પૂરણ ને ગલન બન્ને થાય એ મોહ કહેવાય, પણ ગલન એકલું થાય ને પૂરણ થાય નહીં એ ચારિત્ર મોહ. લોકોને એમ લાગે કે આ મોહ છે, પણ આપણે એમ જાણીએ કે ફાઈલનો નિકાલ થાય છે.

શું દેખાય છે તમને ? કશું બીજું ન કહીએ આપણે પણ આમ પુદ્ગલ કહીએ. મહાવીર ભગવાન એક લાખ માણસો આઘાપાછા થયા કરતા હોય પણ એક પુદ્ગલ જ જોયા કરતા'તા. કારણ કે પૂરણ કરેલું તે જ ગલન થાય છે આ. એટલે સમકિતી જીવોમાં એ એક જ કાર્ય થઈ રહ્યું છે. પણ સમ્યક્ત્વ નથી એનામાં બે કાર્ય થઈ રહ્યા છે, એ પૂરણેય કરે છે ને ગલનેય કરે છે અને આ (જ્ઞાન પામેલો) પૂરણ કરેલું ગલન એકલું જ કરે છે.

એટલે કોઈ જૈનનું પુદ્ગલ હોય તો જૈનનું ગલન કર્યા કરે, વૈષ્ણવનું હોય તો વૈષ્ણવનું ગલન કરે, શિવવાળું શિવનું કરે. મોચી હોય એ મોચીનું, સુથાર હોય તો સુથારનું, લુહાર હોય તો લુહારનું. તેમાં બુદ્ધિ જુએ જુદી જુદી જાતનું અને પોતે જ પાછો પોતાની ફિલ્મ બગાડે. એ બિચારો જે ભર્યું છે એ ખાલી કરે છે, એમાં તમે શું કામ આવું બગાડો છો ? હવે આમાં શી રીતે સમજે લોકો ?

**પ્રશ્નકર્તા :** જ્ઞાની પુરુષની પ્રત્યક્ષતા હોય છે તો આ વસ્તુ બહુ ખબર પડે છે, આ કોયડાઓ સહેજે ઉકલી જાય છે.

**દાદાશ્રી :** હા, ઉકલી જાય. નહીં તો ઉકલે જ નહીં ને ! શાસ્ત્રથી ઉકેલ આવે જ નહીં ને ! નિવેડો જ ના આવે ને ! તેથી કૃપાળુદેવે લખ્યું ને, શાસ્ત્રથી નિવેડો નથી. એક પુદ્ગલ જુએ ને, એટલે ભાંજગડ જ નહીં. નહીંતર બુદ્ધિ જુદું જુદું

દેખાડે. આ લોકો આવું કેમ કરે છે, આ લોકો આવું કેમ કરે છે ? અરે ભઈ, સમકિતી જીવો છે એનો જે બધો માલ નીકળે છે એ એણે જે ભર્યો છે એવો એનો ખાલી થાય છે, એમાં તું શું કરવા કૂદાકૂદ કરે છે ?

**પ્રશ્નકર્તા :** પછી સહેજે સમાધાન રહે છે.

**દાદાશ્રી :** સમાધાન જ રહે. આ જ્ઞાન જ સમાધાની છે, સર્વ સમાધાની છે. દરેક ટાઈમે, દરેક કાળે અને દરેક જગ્યાએ સમાધાન રહે એવું આ જ્ઞાન છે, અક્રમ વિજ્ઞાન ! કોઈ ગાળ ભાંડી ગયો તોય સમાધાન રહે. ચંદુભાઈ કો'કને ગાળ ભાંડે તોય સમાધાન રહે. અને ચંદુભાઈનો ભરેલો માલ નીકળે છે, પેલાનો ભરેલો માલ આમ નીકળે છે.

## સારું-ખોટું, બેઉ પુદ્ગલ જ

આ પુદ્ગલના બે ભાગ છે; આ સારું ને ખોટું, આ નફો ને ખોટ, એવું ક્રમિક કહે છે. ત્યારે આ અક્રમ કહે છે, એક પુદ્ગલ જ છે, બીજું કશું છે નહીં. એક પુદ્ગલ જ છે એટલે પછી સારું હોય, ખોટું હોય, ભગવાનને એનો વાંધો નથી. આ સમાજ વ્યવસ્થાને માટે છે. નફો-ખોટ શેના આધારે ? વ્યવહારના હિસાબે ને !

બાકી બધું એક જ પુદ્ગલ, સારું-ખોટું નહીં. સારું જુએ તો રાગ થાય, ખોટું જુએ તો દ્વેષ થાય. છે જ એક પુદ્ગલ ! આ તો લોકોએ વિભાજન કર્યું છે આનું ભ્રાંતિથી. સબ પુદ્ગલ કી બાજી છે. વાસ્તવિકમાં તો આ પુદ્ગલ અને આ ચેતન એવી જેને ખબર છે, એને બધી જ ખબર છે. સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સથી બનેલું બધું પુદ્ગલ, સંયોગિક બનેલી બધી વસ્તુ પુદ્ગલ, સ્વભાવે કરીને બનેલી વસ્તુ ચેતન.

આંખો મીંચીને શું જોવાનું છે ?

**પ્રશ્નકર્તા :** હવે આ પોતાના પુદ્ગલને જ જોવાનું, બીજું કંઈ ધ્યાન કરવાનું રહ્યું નહીં.

**દાદાશ્રી :** એ તો વાંધો નહીં, એ તો જરૂર જ છે. એ ધ્યાન ના કહેવાય, એ દ્રષ્ટા-દ્રશ્ય કહેવાય છે.

**પ્રશ્નકર્તા :** એટલે આપણે શરીરને જ જોવાની વાત છે.

**દાદાશ્રી :** તેનો વાંધો નથી. એ તો બધી જરૂર જ છે ને ! એક પુદ્ગલને જ જોયા જ કરવાનું છે. એક પુદ્ગલ એટલે શું ? સાવ બહુ કિંમતી હોય તેય પુદ્ગલ અને જેની વેલ્યુ કશુંય ના હોય તેય પુદ્ગલ. એટલે બધું સરખું માનવું પુદ્ગલ. પુદ્ગલ એટલે વિનાશી.

## એક પુદ્ગલ એટલે શું ?

**પ્રશ્નકર્તા :** એક પુદ્ગલ એટલે આપ શું કહેવા માગો છો ?

**દાદાશ્રી :** આ બધું દેખાય, જુદું જુદું દેખાય છે પણ પુદ્ગલ એટલે પૂરણ-ગલન સ્વભાવ જ છે. એટલે એ આખા શરીરમાં પુદ્ગલ એકલું જ જુએ છે, બીજું કશું જોતા નથી. વિશેષણ નથી આપતા એવું કહેવા માગે છે.

**પ્રશ્નકર્તા :** એક પુદ્ગલ જુઓ છો એટલે પૂરણ-ગલન જોયા કરો છો એમ કહેવા માગો છો આપ ?

**દાદાશ્રી :** એક જ પુદ્ગલ, બીજું વિશેષ નહીં. આ બધું જે ગણો તે બધું એક જ પુદ્ગલ જ છે. બીજું કંઈ છે નહીં આ. એટલે પુદ્ગલ રૂપે જ જ્ઞેય છે આ બધું. એટલે વિશેષણરૂપે આપવા માગતો નથી.

હિસાબ છે આ પૂરણ કરેલા તે બધા ગલન

થવાના, એ બધા ચીકણા છે. એક જ પુદ્‌ગલ, પછી ગાય હોય, ભેંસ હોય.

**પ્રશ્નકર્તા :** મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર એ પુદ્‌ગલમાં આવી ગયા ? મન, બુદ્ધિ, ચિત્ત કહીએ બધું પુદ્‌ગલમાં આવી ગયું ?

**દાદાશ્રી :** પુદ્‌ગલમાં દરેક ચીજ આવી ગઈ, અહંકાર-બહંકાર બધું જ. આખું જગત એક પુદ્‌ગલમાં આવી ગયું. ઈન્દ્રિયોથી દેખાય છે એ બધું.

**પ્રશ્નકર્તા :** આપણા પુદ્‌ગલનું કે સામાનું પુદ્‌ગલનું જે પણ થાય છે એ પૂરણ-ગલન જ છે ?

**દાદાશ્રી :** આત્મા સિવાય બીજું બધું પુદ્‌ગલ. એનું લાંબું લાંબું કર્યું આપણે પછી, એ લોક કહેશે, કંઈક લાંબું કહો. ત્યારે મેં કહ્યું, શૌચાલય, ભોજનાલય અને પૂરણ-ગલન ને શુદ્ધાત્મા. આ બધો સામાન લાવીએ છીએ એ બધો એ ભોજનાલય છે અને આ બધું જે સંડાસ થાય છે, એ બધા શૌચાલય છે. પૂરણ-ગલન ને શુદ્ધાત્મા, બીજું કશું છે જ નહીં. એના જ લોકોએ બુદ્ધિથી ભાગ પાડ્યા. આ તો સોનું છે, ચાંદી છે, આ સીસું છે, લોખંડ છે, એ બધા. ભાગ પાડ્યા બુદ્ધિની કસોટીથી.

**પ્રશ્નકર્તા :** ગમે તે હોય પણ છતાં પુદ્‌ગલ જ છે.

**દાદાશ્રી :** પુદ્‌ગલ જ છે, એ આખુંય પુદ્‌ગલ છે.

હવે જે રૂપી પરમાણુ, રૂપી છે, એનો ગુણ મુખ્ય કયો છે ? ત્યારે કહે, પૂરણ-ગલનનો સ્વભાવ છે. પૂરણ થયેલું હોય તો ગલન થયા કરે. પાછું ગલન થઈ ગયું હોય તો પાછું પૂરણ થયા કરે. એટલે પૂરણ-ગલન, પૂરણ-ગલન, પૂરણ-ગલન થયા જ કરે. અહીં આગળ નાખ્યું ખાવાનું, પાણી પીધું, એટલે સંડાસમાં, બાથરૂમમાં. અહીંથી શ્વાસ લીધો તો ઉચ્છ્‌વાસ. આ પૂરણ-ગલન, પૂરણ-ગલન થયા જ કરે. નથી થતું ?

**પ્રશ્નકર્તા :** થાય છે ને !

**દાદાશ્રી :** આ બધું એનો ગુણ. ભગવાન મહાવીર શું તપ કરતા હતા, એ સમજી ગયા ને તમે ? અદીઠ તપ ! મહાવીર એક પુદ્‌ગલને જ કેવી રીતે જોતા હતા ? અંદરની જ બધી હલનચલન, બધી જ ક્રિયા, અંદર સ્પંદન માત્રના જાણકાર હોય એ. બીજું બહારનું કશું જોવાનું નહીં, આમાં જ જોવાનું.

**પ્રશ્નકર્તા :** ક્રોધ-માન-માયા-લોભ છે, એને આમ પૃથક્કરણ કરવું હોય, તો વિશેષ પરિણામમાં અહમ્ ઊભો થયો, પછી આ વ્યતિરેક ગુણો ઊભા થાય છે ? પછી ક્રોધ થાય છે, તો ક્રોધ અને અહમ્‌નો સાંધો કેવી રીતે છે ?

**દાદાશ્રી :** એ બધું પુદ્‌ગલ છે, પણ પુદ્‌ગલને ચૂંથીને શું કામ છે તે ? શુદ્ધાત્મા સિવાય બધું પુદ્‌ગલ, એનો ચૂંથારો કરીને શું અર્થ છે ? તારે પુદ્‌ગલમાંથી કાઢવું છે કંઈ ? એનો અર્ક કાઢવો છે ?

**પ્રશ્નકર્તા :** આ સાંધો બધો શું હોય છે ?

**દાદાશ્રી :** સમજવા જેવો આત્મા અને બીજું બધું પુદ્‌ગલ. તે પુદ્‌ગલમાં છે તે તારે શું કરવું છે કંઈ ? તો એને ફોડવાર કાઢીએ, સમજીએ ! એમાં તારે પુદ્‌ગલસાર બહાર કાઢવો છે કંઈ ? આત્મા એકલો જ પૂરો કરવો છે કે મહીં સાર હઉ કાઢવો છે પુદ્‌ગલનો ?

**પ્રશ્નકર્તા :** આત્મા જ પૂરો કરવાનો છે.

**દાદાશ્રી :** પછી આ પુદ્‌ગલમાં તો મહીં પેસી ગયેલા તે જડેલા નહીં, પાછા નીકળેલા નહીં.

**પ્રશ્નકર્તા :** એ બધું સમજવા માટે ને જાણવા માટે ?

**દાદાશ્રી :** ના, એ જો સમજવામાં ઊંડો ઉતરે ને, તો પછી મહીં પેસે તો પછી જડે નહીં. એના કરતાં એ તે મહાવીર ભગવાન શું કહેતા હતા ? એક પુદ્‌ગલ, ભાગ જ નહીં, વિભાગ જ નહીં.

**પ્રશ્નકર્તા :** એક પુદ્‌ગલ બધું.

**દાદાશ્રી :** હં, એક જ પુદ્‌ગલ. અનંત પ્રકારની અવસ્થાઓ છે પણ પુદ્‌ગલ એક જ છે આ બધું, વિનાશી સ્વભાવનું છે. એટલે મહાવીર ભગવાન એક પુદ્‌ગલ જોયા કરતા હતા. બીજી ભાંજગડમાં નહોતા પડતા. આવો ડખો ના કરે. અમેય ડખો ના કરીએ ને કશું ! તને સમજવું હોય તો સમજાવીએ ઊંડા ઉતરીને પણ તે તને નુકસાન કરશે બધું. હવે બહુ ઊંડો ઉતરીશ નહીં. તે પાછું પૂછ પૂછ કરે, આવું પુદ્‌ગલ, તો ક્યાંનો ક્યાંય ગુફામાં પેસી જાય !

## વિશેષ જ્ઞાનથી ડખો

અનંતા જ્ઞેયોને વીતરાગોએ એક જ જ્ઞેયમાં જોયેલું, તેવું આ 'દાદા'એ એક જ જ્ઞેય, એક પુદ્‌ગલ જોયું છે. પુદ્‌ગલ તો સ્વાભાવિક રીતે એક જ છે, મૂળ સ્વભાવનું પુદ્‌ગલ, વિશ્રસાનું બનેલું ! જગત છે, નેટ (સો ટકા) ચોખ્ખા પરમાણુનું !

હવે વીતરાગોએ પુદ્‌ગલ જોયું, એ શું જોયું ? ત્યારે કહે, પુદ્‌ગલની જાતજાતની વેરાયટીઓ છે ને તે વેરાયટી એમના જ્ઞાનમાંથી કાઢી નાખીને એક જ આ બધું પુદ્‌ગલ જ છે. આમ વેરાયટી તો લોકોએ, બુદ્ધિશાળીઓએ પાડી'તી. એટલે મહાવીર ભગવાન એક પુદ્‌ગલને જ જોયા કરતા હતા. બીજું કંઈ જોતા ન હતા. વેરાયટી-બેરાયટી ના જુએ. અહીં તો વેરાયટી કેટલી બધી તે ? દરેકની દુકાને પુદ્‌ગલની વેરાયટી હોય.

અહીંથી ગાડીમાં જઈએ ને, તો બે પ્રકારના દર્શન; એક સામાન્યભાવે દર્શન એ દર્શન કહેવાય અને વિશેષ ભાવે દર્શન એ જ્ઞાન કહેવાય. વિશેષભાવે દર્શન એટલે શું ? આ લીમડો, આ આંબો, એ વિશેષભાવ કહેવાય. અને સામાન્યભાવે જોવું એ દર્શન કહેવાય. સામાન્યભાવમાં બધા જીવો આવી જાય. બધા જીવોને શુદ્ધાત્માભાવે દર્શન કરીએ અને વિશેષભાવમાં બધા જીવો રહી જાય ને લીમડો ને આંબો એટલા જ આવે. એટલે વિશેષભાવ કરતાં સામાન્યભાવ સારો. વિશેષભાવમાં નહીં પડવું.

કોઈ પૂછે કે આંબો અહીં આગળ છે કે નહીં ? ત્યારે આપણે દેખાડવો પડે ને પછી ? પણ નાછૂટકે ! આપણે જાણી-જોઈને ના પડવું. વિશેષ જ્ઞાનથી ડખો થાય, અભિપ્રાય ઊભા થાય અને સામાન્ય જ્ઞાનથી વીતરાગતા થાય. આપણે બધા ઝાડોને શુદ્ધાત્માભાવે જોતા જોતા ચાલીએ તો એ છે તે સામાન્યભાવ કહેવાય. એટલે બધા આત્માના દર્શન થાય, એમાં વીતરાગ રહેવાય.

ભગવાન શું જોતા'તા કે આ સ્ત્રી-પુરુષ, આ છોકરો, આ આમ, આ તેમ, આ સોનું, આ રૂપું-પિત્તળ, આ આમ, એવું બધું નહીં, એક જ પુદ્‌ગલ. એટલે આ છોડવાનું ને આ ન છોડવાનું એવું નહીં. બધું એક જ પુદ્‌ગલ છે. એક જ પુદ્‌ગલ રીતે જોયા કરતા હતા, બસ. બીજું કશું જોતા ન હતા ભગવાન. ભગવાન બહુ પાકા ! એની પાસે બધાય છેતરાયને બેઠા, તેથી આપણે રખડી મર્યા ને ! એ એકલા પાકા, તે ઉપડી ગયા. પાકા હોય તે ઉપડી જાય ને ! નહીં તો કાચો પડે તો માર ખાય ને ! ખીલા મારનારો કાચો પડ્યો પણ ખીલા ખાનારા પાકા, તે ચાલ્યા ગયા. કેવી

રીતે ખાધા કે એ ચાલ્યા ગયા ને મારનારો રહી ગયો ? એક જ પુદ્ગલ જોયું, પુદ્ગલ પુદ્ગલને મારે છે. એક જ પુદ્ગલ જોયું એમણે.

### અપનાવો રીત ભગવાન મહાવીરની

**પ્રશ્નકર્તા :** ભગવાન મહાવીર પોતાના એક પુદ્ગલને જ જોતા હતા એ શું કહેવા માગે છે, દાદા ?

**દાદાશ્રી :** એટલે ભગવાન મહાવીર પુદ્ગલ શું કરે છે તે જ જુએ. બુદ્ધિ શું કરે છે, મન-ચિત્ત શું કરે છે, એ જ જોતા હતા. એક જ પુદ્ગલ, બીજું કંઈ નહીં. બીજા ડખામાં ઊતરતા જ નહોતા. આપણે એ પ્રયત્ન કરીએ, પણ થોડી વાર રહે ને પછી પાછું એ ખસી જાય.

**પ્રશ્નકર્તા :** હા, આપણે પ્રયત્ન કરીએ થોડી વાર રહે પણ ખસી જાય.

**દાદાશ્રી :** કારણ કે બહારનો અભ્યાસ વધારે ને ! પેલો તો જુદાપણાનો બિલકુલ અભ્યાસ ! કોઈ પુદ્ગલની વસ્તુ એવી-તેવી હોય તેની ઉપર એ શું શું કરે છે તે નિરીક્ષણ કરતા હોય, એ બધું ખ્યાલમાં હોય ને એવું એ.

**પ્રશ્નકર્તા :** પણ પોતાના એક જ પુદ્ગલનો, બહાર કોઈ ડખલ નહીં.

**દાદાશ્રી :** બીજું શું ? એક પુદ્ગલ જોવાય તો બહુ થઈ ગયું. નહીં તો બહાર ડખલ થાય જ, એવું કહેવા માગે છે. એ આપણે કહીએ કે તમે જોવાનો અભ્યાસ કરો, પણ થાય નહીં. થોડીવાર રહે, પાછું ભૂલાઈ જાય. ક્યાંય સુધી બધું બહાર જોતો હોય !

**પ્રશ્નકર્તા :** એ સ્ટેજ આવવાની તો ખરી જ ને ?

**દાદાશ્રી :** એ પ્રયત્ન એનો એ જ હોય, પણ થાય નહીં ને ! રહે નહીં ને જાય ને આવે, જાય ને આવે. એ જાણી રાખવાનું છે, કે એક જ પુદ્ગલ જોવાનું છે.

જે એક પુદ્ગલનો સ્વભાવ છે એ સર્વ પુદ્ગલનો સ્વભાવ છે. સ્વભાવ એકનો એક જ જાતનો છે. એટલે ભગવાનની રીત મેં તમને આપી છે. તે રીતે ચાલો હવે. ચંદુભાઈના મન-બુદ્ધિ-ચિત્ત શું કરે છે, ચંદુભાઈ શું શું કરી રહ્યા છે, એ બધું નિરંતર ઑબ્ઝર્વેશન કરવું (જોવાનું) એ કમ્પ્લીટ શુદ્ધાત્મા.

**પ્રશ્નકર્તા :** તો એમાં જોવાનું અને જાણવાનું જ આવે ફક્ત, એક પુદ્ગલ જોવામાં.

**દાદાશ્રી :** એટલું જ એ જાણવાનું છે. આ તું બોલી રહ્યો છું ને, તેને જુએ-જાણે એને જ્ઞાન કહેવાય.

**પ્રશ્નકર્તા :** દાદા, એવું ક્યારે રહેશે ?

**દાદાશ્રી :** આપણે તો એ પ્રયત્નમાં તો હોઈએ ને ! છેવટે આ કરવાનું છે એવું તો બધું હોય ને ?

**પ્રશ્નકર્તા :** ભગવાન મહાવીર પોતાના એક પુદ્ગલને જોતા હતા. એટલે ભગવાન મહાવીર આત્મામાં રમણતા કરે છે કે પુદ્ગલને જુએ છે ?

**દાદાશ્રી :** પુદ્ગલને જોવું અને જાણવું, એનું નામ જ આત્મરમણતા. ભગવાન મહાવીર શું કરતા, એક પુદ્ગલમાં જ સ્થિર દૃષ્ટિ કરીને જ રહ્યા. ત્યાં પછી કેવળજ્ઞાન ઉપજ્યું'તું.

**પ્રશ્નકર્તા :** બરાબર. છેવટે આ કરવાનું છે, એવું લક્ષમાં હોવું જોઈએ.

**દાદાશ્રી :** હોય જ બધાને, શબ્દ ના

સમજે તોય પણ એમ ને એમ તો બોલે. છેવટે આત્મરમણતા, સ્વરમણતા, બધું એકનું એક જ. સ્વરમણતા એટલે પેલું જ, એ ભગવાન મહાવીરના જેવું એક પુદ્‌ગલ જ જોતો હોય.

**પ્રશ્નકર્તા :** આપને પણ એવું રહેતું હોય ને, દાદા ?

**દાદાશ્રી :** અમારેય કાચું હોય ને ! થાય ને ના થાય ને એ જરા કાચું પડી જાય. આ જે તું વાત બોલું ને, એ પરરમણતામાં બોલું છું. આખો દહાડો પરરમણતામાં રહો છો તમે. નિશ્ચયથી સ્વરમણતામાં પણ વ્યવહારમાં જ તમારો નિશ્ચય વર્તે છે.

**પ્રશ્નકર્તા :** આખો દહાડો ?

**દાદાશ્રી :** એ તો આવું જ હોય. (તો પણ) આ તો બહુ ઊંચું પદ કહેવાય.

## વર્તમાનમાં રહેવું, કાં તો પુદ્‌ગલને જોવું

પુદ્‌ગલ સંસારી સંપૂર્ણ નાચ કરે ને આત્મા જુએ તો જ ફૂલસ્ટોપ થયું કહેવાય. સંસારી સર્વ નાચ કરે, એમ નહીં કે ભઈ, આ અમારે ના જોઈએ. આમ થશે તો આમ થઈ જશે, મને ચોંટી પડશે. ફિલ્મમાં કાપકૂપ કરવાની ના હોય. અમુક ભાગ કાઢી નાખે તો કનેક્શન મળે નહીં. એટલે બધી સહજ ફિલ્મ હોવી જોઈએ. જે છે ને, સંસારી સહજ ફિલ્મ બહુ સારી. ત્યાગીને ત્યાગીની સહજ ફિલ્મ હોય તો ચાલે. એને સહજ હોવી જોઈએ. પણ વચ્ચે કટ ઑફ કરેલી એવી ના જોઈએ. મારે આ ના ખપે અને મારે આ ખપે. અલ્યા મૂઆ, તું આમ કાપ કાપ શું કરવા કરે છે ફિલ્મને ? જે બન્યું એ ચાલવા દે ને અહીંથી ! બહુ દહાડા એવું કર્યું છે. હવે ઠેકાણે આવી ગયું છે. પાછું એને ફરી ઊંધું શું કરવા કરે છે ? એવું કરી કરીને તો આ બધું ઠેકાણે આવ્યું છે. આ જોઈએ, આ ના જોઈએ, એમ કરતા કરતા ઠેકાણે આવે કે ના આવે ? હવે ઠેકાણે આવ્યા પછી પાછું એવું કરવાનું ?

એટલે આપણે કહેવું કે પુદ્‌ગલનો સંપૂર્ણ નાચ, જ્યારે આત્મા જુએ ત્યારે જાણવું કે ફૂલસ્ટોપ આવ્યું. કોઈ નાચમાં રસ ના લે તો સંપૂર્ણ આવી ગયું. રસ ના લેવો જોઈએ. રસ ક્યારે ના લે કે પોતે પૂર્ણ સ્વરૂપ હોય તો જ. તે તમને પૂર્ણ સ્વરૂપ આપ્યું છે, રસ ના લે એવું જ આપ્યું છે. અને અધૂરું સ્વરૂપ રસ લે. આ ત્યાગવું પડશે, આમ કરવું પડશે. એ ડખો મૂઆનો. ક્યારે ત્યાગ નથી કર્યો ? કયા અવતારમાં ત્યાગ નથી કર્યો ? અને એનું એ જ પાછું ગ્રહણ કરે છે. આ સાધુઓ થાય છે ને, તે આ અવતારમાં સાધુ થાય, પછી ઘૈડપણ આવવાનું થાય એટલે કંટાળે કે બળ્યું આમાં... એના કરતાં સંસારી સારું હતું.

એટલે બે વસ્તુ રાખવી, કાં તો વર્તમાનમાં વર્તે, કાં તો છે તે પોતાના પુદ્‌ગલને પોતે જોવું. મેં તમને આત્મા એટલો બધો ચોખ્ખો કરી આપ્યો છે કે પોતાના પુદ્‌ગલને બધી રીતે જોઈ શકો તમે.

દેખતા દેખતા પોતાનું અજવાળું છે ને, તે વધી જાય ને સુખેય વધતું જાય. સુખ નથી વધ્યું ? ત્યારે કહે, સુખ તો બહુ વધ્યું છે. ત્યારે મૂઆ એનો વાંધો શો છે ? એ તો પેલી પુદ્‌ગલ બાજુની બૂમાબૂમ કરે છે. પણ પુદ્‌ગલ બાજુ આપણી છે નહીં, પછી ક્યાં સુધી ભાઈબંધી રાખવી ? એ પુદ્‌ગલની ફ્રેન્ડશિપ આટલા બધા માર મારે તો ક્યાં સુધી રાખવી ? ધીમે ધીમે મોળી ના કરી શકાય ? મિત્રાચારી મોળી ના પડાય ? આપણો કોઈ મિત્ર હોય ને બહુ દગાબાજી કરે તો પછી ? ધીમે ધીમે મિત્રાચારી મોળી કરી નાખીએ. એવું આમાં મોળું કરી નાખવું.

## આત્માનુભવ વર્તે, પછી ખપે પુદ્ગલ ?

મૂળ આત્મા એ અનુભવગમ્ય છે, અરૂપી પદ છે. કેવળી ભગવાન જે અનુભવે તે આ પુદ્ગલ પોતાનાથી જુદું પૂતળું છે. ખરું કર્યું કે ખોટું, તે જોવાનું નથી. એ તો પૂતળું જ છે, અચેતન છે. કર્તાભાવ જ ના દેખાવો જોઈએ. પુદ્ગલની જોડે કે પુદ્ગલના મન-વચન-કાયાના વર્તન જોડે લેવાદેવા જ નથી. તમે તેનાથી તદ્દન જુદા જ છો. તમને તમારો આત્મા જોવામાં ને જાણવામાં આવ્યો જ છે. જોવું એટલે ભાન થવું અને જાણવું એટલે અનુભવ થવો. તે ભાન થયું છે ને થોડો અનુભવમાં પણ આવ્યો છે. હવે મૂળ વસ્તુ પૂરેપૂરી અનુભવમાં આવી જાય, એટલે કામ થઈ ગયું !

એ તો વસ્તુ જ જુદી ! આત્મા જાણ્યો જાય એવી વસ્તુ નથી, એ બુદ્ધિથી સમજાય એવો નથી, એ અનુભવગમ્ય વસ્તુ છે.

**પ્રશ્નકર્તા :** આ પવન દેખાતો નથી પણ તેની લહેર આવે છે ને ખબર પડે છે ને અનુભવમાં પણ આવે છે કે પવન આવ્યો, તેવો આત્માનો અનુભવ તીર્થંકરોને થતો હશે કે વિશેષ ?

**દાદાશ્રી :** તીર્થંકરોને તો તેથી પણ વિશેષ, ઘણો જ વિશેષ આત્માનો અનુભવ થાય. આ અમને પણ પવન જેવો અનુભવ તો થાય જ છે ને તમને જે આત્માનો અનુભવ થાય છે, તે તો પ્રતીતિ વિશેષ મજબૂત (ગાઢ) થવા માટેનો છે.

**પ્રશ્નકર્તા :** આત્માના જે ગુણો છે એ તો જ્યારે પુદ્ગલનું બધું પૂરું થશે પછી જ વર્તાશે ને ? એ પહેલા વર્તાય ખરા ?

**દાદાશ્રી :** એ વર્તાય તો જ પુદ્ગલના ગુણો ખપે. આત્માની હાજરી વગર પુદ્ગલ ખપે જ નહીં.

**પ્રશ્નકર્તા :** તો કાલે હું એવું વિચારતો હતો કે જ્યારે પુદ્ગલ મારું ક્લિયર થશે, પછી આત્માના ગુણો એની જાતે પ્રગટ થશે.

**દાદાશ્રી :** પછી ના હોય, બે સાથે જ ચાલે.

**પ્રશ્નકર્તા :** તો દાદા, આત્માના ગુણોને પ્રગટ કેવી રીતે કરવાના ?

**દાદાશ્રી :** થઈ ગયેલાને શું પ્રગટ કરવાના ? એના ગુણો તો પ્રગટ જ ચાલે (હાજર જ) છે. એ જાણતા નથી એનો જ ડખો છે આ બધો.

## પરપરિણામને જાણે તે સ્વપરિણતિ

આ જ્ઞાન આપતા પરપરિણતિ બંધ થઈ જાય. પણ અક્રમ વિજ્ઞાન છે ને, તે તમને પેલો બહાર ડખો થાય એટલે મનમાં એમ થાય કે આ શું ? પણ તમને પરપરિણતિ ઉત્પન્ન થતી નથી. પરપરિણતિ ઉત્પન્ન થાય કે ચિંતા શરૂ થઈ જાય. અહંકાર હોય તો ચિંતા ઊભી થાય, પણ તમને સફોકેશન થાય. ચિંતા-સફોકેશન બે જુદી વસ્તુ છે. ચિંતા તો ચળ ચળ જીવ બળ્યા કરે અને સફોકેશન તો અકળામણ કરાવે, આ બધા પરમાણુ ઊડે, ડિસ્ચાર્જ થાય તે વખતે ગૂંગળામણ કરાવે.

એ જુદું જોતા ના આવડે એટલે (પોતે) મનના, બુદ્ધિના પરિણામોમાં, સફોકેશનમાં ગૂંચાય. બાકી આપણી સ્વપરિણતિ ઉત્પન્ન થઈ તેને પરપરિણામ અડે જ નહીં, પણ આ તો ગૂંચાઈ જાય છે એ જગ્યાએ. એ ટૉપ પરની જગ્યાએથી જોતા નથી. એ જગ્યા જ ટૉપ વસ્તુ છે. પોતે શેમાં છે અત્યારે ? સ્વપરિણતિમાં છે કે પરપરિણતિમાં છે, એ ટૉપ પરથી જુએ ને, તો પોતાને ખબર પડે. બીજું બધું જોવાનું નથી. બીજા બધા મનના સ્પંદનો, બુદ્ધિના સ્પંદનો, ચિત્તના સ્પંદનો એ તો પૂરણ-ગલન છે. ભગવાનનેય પૂરણ-ગલન હતું ને આમનેય (મહાત્માઓને) પૂરણ-ગલન છે. પૂરણ-

ગલન જોડે આપણે લેવાદેવા નહીં. જે પૂરાયેલું છે તે ગલન થયા જ કરશે. જે પૂરણ થયું છે તેનું ગલન થયા વગર રહેશે નહીં, એનું નામ પુદ્ગલ. સ્વપરિણતિ ને પરપરિણતિ એ બેનું જ ધ્યાન રાખવાનું છે.

જેને આ બહારના પરપરિણામ ગમતા નથી, 'યૂઝલેસ' (નકામા) લાગે છે ને તેને પોતાના સ્વપરિણામ માનતો નથી તે જ આત્માની હાજરી છે, તે જ સ્વપરિણતિ છે.

## 'હું કરું' ત્યાં પરપરિણતિ, ત્યાં ડખો

આપણું વિજ્ઞાન તમને પહેલે દહાડે સ્વપરિણતિમાં મૂકે છે. આ 'અક્રમ જ્ઞાન' મળ્યા પછી પરપરિણતિ થતી જ નથી. તેને જૈનોએ બહુ મોટામાં મોટું કહેલું છે. પરપરિણતિ ના ઉત્પન્ન થાય એ બહુ મોટું કહેવાય. તે તો આપણે જ્ઞાન આપીએ ત્યારથી જ નથી રહેતી પરપરિણતિ.

'હું કરું છું' તે પરપરિણતિ કહેવાય. 'આ આમણે મારું બગાડ્યું', એમ કહે તો એ પરપરિણતિ કહેવાય. આ કંઈ પણ પરપરિણામ ઊભા થાય, એ પરપરિણામને પોતાના પરિણામ માનવા એનું નામ પરપરિણતિ. તે આપણે જ્ઞાન આપીએ ત્યારથી તમારે સ્વપરિણતિ ઉત્પન્ન થઈ છે. હવે પરપરિણામને પોતાના પરિણામ માનતો જ નથી. એટલે આ તો પરપરિણતિ છે જ નહીં. સ્વપરિણામને માનવાવાળા છે. પોતાના પરિણામોને જ માને છે.

**પ્રશ્નકર્તા :** (ક્રમિક માર્ગમાં) સમકિત જેને થયું એ સ્વપરિણામને જ માને ને ?

**દાદાશ્રી :** હં.. અંશે અંશે રહેવાનું એને, સર્વાંશે ના રહે. બહુ અંશે પરપરિણામ રહે, 'હું કર્તા' એ ભાવ જાય નહીં ને ! અને સામો કર્તા છે એ ભાવ ના જાય. (એણે) આમ કર્યું, તેમ કર્યું. ઠેઠ સુધી ડખો, ઠેઠ છેલ્લા અવતારમાંય ડખો, ત્યાંય પરપરિણતિ હોય. છેલ્લે મોક્ષે જતા પહેલા પંદર-વીસ વર્ષ પરપરિણતિ ના હોય, ત્યાં સુધી એ ડખો.

અહીં (અક્રમ માર્ગમાં) તો પરપરિણતિ જ નથી રહેતી. આ વ્યવસ્થિતના જ્ઞાનને લઈને પરપરિણતિ ઊડી ગઈ છે. શુદ્ધાત્માનું લક્ષ બેઠું ને વ્યવસ્થિતનું જ્ઞાન બેઠું એટલે આ કરે છે, એવું થઈને એની ઉપર દ્વેષ નથી થતો.

**પ્રશ્નકર્તા :** કર્તાભાવ પહેલેથી કાઢી લીધો.

**દાદાશ્રી :** કર્તાભાવ તમારો તો નહીં, પણ બીજા પ્રત્યેનોય કર્તાભાવ ઊડી ગયો. બીજો કરે છે, તે કરે છે, તેઓ કરે છે, એ બધુંય ઊડી ગયું. 'હું કરું છું, તે કરે છે, તેઓ કરે છે', એ બધુંય ઊડી ગયું. નિમિત્તભાવ આવી ગયો.

અમને નિરંતર સ્વપરિણામ રહે. પરપરિણતિ અમને ઉત્પન્ન જ થતી નથી. તમનેય થતી નથી પણ તમને હજુ જરા મહીં ડખો રહ્યા કરે છતાં તમે મને કહો કે મને પરપરિણતિ ઉત્પન્ન થઈ તો હું માનું જ નહીં, કારણ કે આ જ્ઞાન જ એવું છે કે પરપરિણતિ ઉત્પન્ન જ ના થવા દે. પણ અક્રમ છે એટલે ગૂંચાય પણ પરપરિણતિ સ્વપરિણતિ થતી નથી ને સ્વપરિણતિ પરપરિણતિ થતી નથી.

## સ્વપરિણામમાં મજબૂત રહેવું એ તપ

**પ્રશ્નકર્તા :** તો પછી સ્વપરિણામ માટે શું ખૂટે છે ?

**દાદાશ્રી :** તપ જોઈશે, ત્યારે કહે છે કે જે વેદના થતી હોય ! આ તો માથું દુઃખવું ને એ બધું છે, એ બધી વેદના એ વેદના જ ગણાય નહીં. એ તો જાણ્યામાં જતી રહે છે. જાણ્યા જ

કરે એટલું, એમાં જતી રહે એવી છે આ વેદના તો. પણ બીજી, હાથ કાપતા હોય આમ ઘસી ઘસીને, એકદમ કાપી નાખે તો તો જાણે કે આ પતી ગયું. પણ ઘસી ઘસીને હાથ કાપતા હોય ત્યારે દુશ્મનને કંઈ એમ વિનંતી કરાય કે ભઈ, એકદમ કાપી નાખ ? વિનંતી કરીએ તોયે એકદમ ના કાપે એ તો મૂઓ. એવા સંજોગોમાં આવ્યા હોય ત્યારે વેદના કહેવાય. તે ઘડીએ તપ કરવાનું છે. ભગવાને કહ્યું કે તું હોમ ડિપાર્ટમેન્ટમાં છું, સ્વપરિણતિમાં છું તો પરપરિણતિ ઉત્પન્ન ના થાય. એ તપ કરવાનું છે. આ પરપરિણામ છે અને આ મારા પરિણામ નથી, એમ સ્વપરિણામમાં મજબૂત રહેવું એનું નામ તપ.

પરપરિણતિ આપણા મહાત્માઓને બંધ થઈ છે. પણ સ્વપરિણામમાં રહેતા નથી ને ? હજુ તો કાગળના વેપાર કરો, બીજું કરો, ત્રીજું કરો. ડખા છે ને ? અને અમારે થોડોક ડખો ચાર ડિગ્રીનો છે, તેથી જ અમનેય ત્રણસોને છપ્પને રહ્યું. ત્રણસો સાંઈઠ ના થયું. અને તમારે વધારે ડખો હશે, નથી વધારે ? તમને સમજાય છે આ બધું ?

**પ્રશ્નકર્તા :** હા જી.

## સંસારી વેશે અગિયારમું ધીટ આશ્ચર્ય

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કહ્યું અમે સ્વપરિણામમાં છીએ એ સમજાવશો ?

**દાદાશ્રી :** આ 'એ.એમ.પટેલ' દેખાય છે તે તો મનુષ્ય જ છે, પણ 'એ.એમ.પટેલ'ની જે વૃત્તિઓ છે અને જે એમની એકાગ્રતા છે તે 'પરરમણતા'ય નથી ને 'પરપરિણતિ' પણ નથી. નિરંતર 'સ્વપરિણામ'માં જ મુકામ છે ! નિરંતર 'સ્વપરિણામ' વર્લ્ડમાં કો'ક વખત, હજારો-લાખો વર્ષે હોય ! 'સ્વરમણતા' અમુક અંશે થાય, પણ સર્વાંશે સ્વરમણતા અને તેય સંસારી વેશે ના હોય. એટલે આશ્ચર્ય લખ્યું છે ને ! 'અસંયતિ પૂજા' નામનું ધીટ આશ્ચર્ય છે આ !

અમે સંસારમાં જ રહેતા નથી, એક ક્ષણવાર પણ અમે સંસારમાં રહ્યા નથી. સંસારમાં રહેવું એટલે પરપરિણતિ કહેવાય. અમે સ્વપરિણામમાં હોઈએ, નિરંતર મોક્ષમાં જ હોઈએ. ઉઘાડી આંખે જ હોઈએ, જ્યારે આખું જગત બંધ આંખોમાં છે.

'અમારે' તો 'આત્મા' આત્મપરિણામમાં રહે અને 'મન' મનના પરિણામમાં રહે. 'આત્મા' સ્વપરિણામમાં પરમાત્મા છે. બન્ને પોતપોતાના પરિણામમાં આવે અને પોતપોતાના પરિણામને ભજે, તેનું નામ મોક્ષ.

## અવસ્થામાં મુકામ કરવાથી અસ્વસ્થ

આત્માના જે જે પર્યાય ઉત્પન્ન થાય, તેમાં જ તન્મયાકાર. ગયા અવતારે પુરુષ હોય અને આ અવતારમાં સ્ત્રી થયો હોય, તો આપણે એને સાચેસાચ કહીએ, એને ઓળખાણ પાડીએ કે તું ગયે અવતાર પુરુષ હતો. તોય એને સ્ત્રી થયો છું, એ બદલ શરમ ના આવે. કારણ કે પર્યાયમાં રત હોય, એવું આ જગત છે. અમારા જ્ઞાનમાં દેખાય આ બધું. કેવી કેવી લોકોને અસર થાય, એ અમને દેખાય બધી !

જે અવસ્થામાં પડ્યો ને, તે અવસ્થાનું જતન કર્યા કરે છે. આખી જિંદગી મુક્ત હોય ને છેક છ મહિના જો જેલમાં ઘાલ્યા હોય ને, તો 'હું આ કેદી થઈ ગયો, હું કેદી' એવું કહે. પૈણાવે ત્યારે સૌભાગ્યવંતીનું સુખ વર્તે છે ને પછી રાંડે ત્યારે રંડાપાના દુઃખ ઊભા થાય છે. 'હું તો રાંડેલી છું' કહે. મૂઈ, ગયા અવતારે પણ રાંડી'તી ને પછી સૌભાગ્યવતી થઈ'તી જ ને ! રાંડ્યા ને

સૌભાગ્યવંતા થઈ ગયા. મૂઆ, આ ડખો જ છે, બીજું છે શું તે ?

અવસ્થાઓ બદલાય છે, અવસ્થામાં પોતાનો મુકામ કરવાથી અસ્વસ્થ થાય અને પોતાના સ્વરૂપમાં એટલે પરમેનન્ટમાં રહેવાથી સ્વસ્થ થાય. અસ્વસ્થતા તમે જોયેલી ? જે વખતે ચંદુભાઈ હતા, ત્યાં સુધી અસ્વસ્થતા હોય જ અને હવે શુદ્ધાત્મામાં આવ્યા, એટલે પોતાના સ્વરૂપમાં રહે એટલે સ્વસ્થ.

જ્યાં સુધી 'હું ચંદુભાઈ છું' એ અવસ્થા કહેવાય. 'પટેલ છું' એ અવસ્થા, 'હું પચાસ વર્ષનો છું' એ અવસ્થા, 'હું એક્ઝિક્યુટિવ એન્જિનિયર છું' એ અવસ્થા, બધી અવસ્થા. એ અવસ્થામાં સ્વસ્થતા ના રહે. લોક કહે, 'સ્વસ્થ છો ને ?' ત્યારે કહે, 'ના, બા. સ્વસ્થ શેનો ? અસ્વસ્થ.' અવસ્થામાં જે મુકામ કરે તે કેવો હોય ? અસ્વસ્થ. નિરંતર, એક ક્ષણ ચૂક્યા વગરનો. અને વસ્તુ (આત્મા) માં મુકામ કરે, તો સ્વસ્થ રહે. વડાપ્રધાન હોય કે પ્રેસિડન્ટ હોય ગમે તે હોય, અસ્વસ્થ, નિરંતર !

**પ્રશ્નકર્તા :** એમાં દાદા, વાત એવી છે અસ્વસ્થમાં રહેવામાં કોઈ પ્રયત્ન નથી કરવો પડતો. સ્વસ્થમાં જઈએ છીએ, ક્ષણિક રહીએ છીએ અને ફરી પાછા અસ્વસ્થમાં આવી જઈએ છીએ, આ મુશ્કેલી છે.

**દાદાશ્રી :** મુશ્કેલી શાની એમાં ? અસ્વસ્થતામાં શું ખોટું ?

**પ્રશ્નકર્તા :** ના, અમારે સ્વસ્થમાં જવું છે, વધારે રહેવું છે.

**દાદાશ્રી :** એ તો પછી તમારું જ્યારથી નક્કી, ત્યારથી સ્વસ્થ રહેવાય.

આ મન-વચન-કાયાની અવસ્થાઓ તેમાં આપણે જેટલો મુકામ કરીએ તેટલા અસ્વસ્થ રહેવાય, નિરંતર અંતરદાહ બળ્યા જ કરતો હોય. અને સ્વમાં, તત્ત્વ સ્વરૂપમાં મુકામ કરીએ તો સ્વસ્થ રહેવાય. અવસ્થાઓનું તો નિરંતર સમસરણ થયા જ કરે છે, વહ્યા જ કરે છે. આવે, રહે અને જાય. તેમાં સુખ અને શાંતિ ક્યાં હોય ? આ અવસ્થાઓમાં આપણે તત્ત્વ સ્વરૂપે જ રહીએ છીએ. જ્યાં મુકામ ઠીક લાગે ત્યાં કરવો. અવસ્થા વગર કોઈ જીવ એક ક્ષણ પણ ના હોય. ભ્રાંતિથી અવસ્થાને જ પોતે (પોતાની) જ માની લે છે. અવસ્થા માત્ર ઉત્પન્ન થાય છે તે ગુનેગારીની છે.

અવસ્થાઓથી બંધાયેલા લોકો વ્યવહાર સુખેય ના ભોગવી શકે. કલાક પહેલા એ કોઈક અવસ્થામાં ચિત્ત એકાગ્ર થયું હોય તો તેમાં ચિત્ત રહે એટલે અવસ્થાથી બંધાયેલાને બોજો રહે અને ચા પીવાની અવસ્થા વખતે એ બોજા નીચે ચા પીવાય.

આત્મા તેના તે જ સ્વરૂપે રહે છે. આત્મામાં કંઈ ફેરફાર થતો નથી.

આત્માના પર્યાયની બહાર લોકોને બહુ પડી હોય. એટલે મૂર્છામાં ફર્યા કરે. તેમ કેટલાક ડેવલપ થયા હોય, તેથી તેમને મૂર્છામાં ગમતું નથી અને બીજી બાજુ આત્મા જડતો નથી. તે દિવસે દિવસે પાતળો પર્યાય થતો જાય, સૂક્ષ્મ થતો જાય. ઝીણો પર્યાય થયા પછી તેનાથી સહન જ ન થાય. એક કલાકમાં તો કેટલાય વિચાર આવી જાય ! તે અદ્ધર લટક્યો. તેને કહું કે ભઈ, જા, પાછો મોહમાં પેસી જા ને જાડા પર્યાયમાં પડી રહે. જાડા પર્યાયવાળા નિરાંતે ઊંઘે ને નાક બોલે. ઝીણા પર્યાયવાળાને તો ઊંઘ જ ના આવે.

લોક અવસ્થામાં જ મુકામ કરે છે. એટલે ફૉરેનને હોમ માની બેઠા છે, તેનું આ દુઃખ છે. હોમને હોમ માને અને ફૉરેનને ફૉરેન માને તો કશું દુઃખ રહેતું નથી. જે વખતે જે અવસ્થામાં

હોય છે ને તે અવસ્થાને નિત્ય (કાયમની) ને સત્ય માની લે છે અને ગૂંચાયા કરે છે. વગર કામની ગૂંચ, ગૂંચ, ગૂંચ !

## અવસ્થામાં ચોંટે ચિત્ત ત્યાં ડખો

જે અવસ્થાની આહુતિ સ્વાહા થઈ, તેના ઘા ના પડે. ઘા શાથી પડે ? ત્યારે કહે, લક્ષથી. માટે જે અવસ્થામાં લક્ષ ગયું ત્યાં ઘા પડે અને તેમાં લક્ષ ના જાય તો તે અવસ્થા સ્વાહા થાય, જાગૃતિ યજ્ઞમાં. લક્ષનો નિયમ એવો છે ને કે જ્યાં લક્ષ બેસે, ત્યાં ને ત્યાં તે પાછું ફરી ફરી જાય. બધુંય બદલાય પણ લક્ષ ના બદલાય. અમે અલખનું લક્ષ બેસાડી આપીએ, પછી અવસ્થાઓમાં લક્ષ રહે નહીં ને નિકાલ થાય. જેટલા ઘા વધારે પડે તે જ અવસ્થા વધારે ને વધારે આપણા પાસે ભમ્યા કરે, માખીની માફક. કો'ક કહેશે કે મને અનુભવ કેમ થતો નથી ? ત્યારે કહે, જેટલા લક્ષના ઘા પડેલા છે તે રૂઝાયા નહીં. આ ઘા જ્ઞાનભાષાના સૂક્ષ્મ ઘા છે. કેટલાક તો એવાય ઘા હોય કે પરૂ પણ પડ્યા કરે. એ બધાય ઘા જેમ જેમ રૂઝાતા જાય, તેમ તેમ અનુભવ થતો જાય. રિલેટિવમાં કેવું છે કે એક ઘા રૂઝવવા માટે ત્યાંથી લક્ષ ઉઠાવીને બીજે લક્ષને બેસાડે કે પહેલો ઘા રૂઝાવા માંડે. પણ જ્યાં નવું લક્ષ બેસાડ્યું ત્યાં પાછો નવો ઘા પડે.

પૂર્વે જે પર્યાયોનું ખૂબ વેદન કર્યું હોય તે અત્યારે વધારે આવે, ત્યારે ચિત્ત ત્યાં ચોંટી રહે. કલાકોના કલાકો રહે, ગુંઠાણા જાય. જે પર્યાયો પાતળા થઈ ગયા તે પર્યાયોની ચોંટ ચિત્તને વધારે ના રહે. ચોંટે ને છૂટું પડી જાય. કોઈ પણ અવસ્થામાં ચોંટ રહે તેવા વિચારો આવતા હોય તો તેને કહી દેવું કે 'તારો અને મારો સંબંધ માત્ર જ્ઞેય-જ્ઞાતાનો છે, હવે પરણવું નથી.' એવું કહેતાની સાથે એ અવસ્થા, વિચારો જતા રહેશે.

પોતાની અવળી સમજણથી પરણે છે, શાદી કરે છે (એકાકાર થાય છે), માટે એને સહન કરવું પડે છે. તન્મયાકાર થાય એટલે સંસાર ચોંટ્યો. અમુક અવસ્થાઓ જ ચોંટાડે. મીઠી તથા કડવી બન્ને અવસ્થા ચોંટાડે તે વખતે લક્ષમાં રહેવું જોઈએ અને બોલવું કે આ મારી હોય જ નહીં, એટલે એ જતી રહેશે.

મોક્ષમાં જવાનું જે પ્રમાણપત્ર છે, તેમાં કોઈ ક્રિયા જોવામાં આવતી નથી, માત્ર વીતરાગતા જ જોવાય છે. ડખો કોનું નામ ? કોઈ પણ અવસ્થા હમણાં થઈ તેમાં ચિત્ત થોડી વાર ચોંટ્યું, તે ડખો. આ જાત્રામાં ગમે તેવી અવસ્થા આવે તોય અમે ચોંટ્યા નથી. અમે અવસ્થાને ઊભી ના રાખીએ. ત્રણ મિનિટ ઊભી રાખીએ તો બધાની લાઈન થઈ જાય. સમજાય છે આ ? આપણા મહાત્માઓને વીતરાગતા રહે પણ દરઅસલ ના રહે.

આત્માની વિભાવિક અવસ્થાથી રાગ-દ્વેષ છે અને સ્વાભાવિક અવસ્થાથી વીતરાગ છે ! 'આત્મા' એમ પમાય એવો જ નથી. અનંત 'પ્રાકૃત' અવસ્થાઓમાંથી 'પોતે' બહાર જ નથી નીકળતો, તો તે 'આત્મા' કેમ કરીને પામી શકે ?

## પુદ્ગલને જાણે તે જ્ઞાતા

જડ ચૈતન્યને ખેંચે તો આપણે જડથીય ગયા ?

પુદ્ગલ પણ ચેતનને હલાવી નાખે છે. એ બહારવટિયા નથી છતાં ધ્રૂજી જાય છે. તેમાં એ રજિસ્ટર્ડ આવ્યું તો ફફડાટ ફફડાટ ! પુદ્ગલનો ભય શો ? આત્મા તેવો ને તેવો જ છે. પુદ્ગલનો સ્વભાવ ચંચળ છે અને આત્માનો સ્વભાવ અચળ છે. જેટલી ચંચળતા વધે, એટલો પુદ્ગલ તરફ જાય. જેટલી સ્થિરતા વધે, તેટલો આત્મા તરફ જાય.

પાંચ ઈન્દ્રિયો અને મન પુદ્ગલના બનેલા છે. તે જીત્યા જીતાય નહીં. તે જ્ઞેય છે અને આત્મા જ્ઞાતા છે. તે મૂઓ જડને પોતે છે તેમ માને છે. અર્થાત્ પોતે ભ્રાંતિને લઈને જ જ્ઞેયને જ્ઞાતા માને છે. તે ભ્રાંતિ ભાગે ત્યારે જીતેન્દ્રિય જીન કહેવાય. આત્મા અને પુદ્ગલનું અસ્તિત્વ જ ભિન્ન છે. અસ્તિત્વ છે તેનું વસ્તુત્વ હોય જ. 'પુદ્ગલ'ને જ જાણવું ને સમજવું, એનું નામ 'જ્ઞાતા.'

આત્મા જાણ્યો એને 'જ્ઞાન' કહ્યું છે. જે આત્માને જાણે તે પુદ્ગલને જાણે. પુદ્ગલને જાણે તે આત્માને જાણે. બેમાંથી એકને જાણે તો બીજું જાણી લેવાય. ઘઉં ને કાંકરા બેઉ ભેગા હોય ને તેમાં કો'ક કહેશે કે ભઈ, મને આમાં કાંકરાની ઓળખાણ પાડો. ત્યારે ઘઉં કેમ ઓળખવા નથી ? ત્યારે કહે, 'ના, બે જ વસ્તુ છે ને, તો મને કાંકરા એકલાની ઓળખાણ પાડો તો હું સમજી જઈશ કે આ ઘઉં.' બીજું પૂછવું ના પડે ને !

'હું કોણ છું' તે ઓળખી જાય, તો બાકી રહ્યું તે પુદ્ગલ. જેમ કાંકરા લઈ લે, એટલે બધા ઘઉં જ રહે. બે ઓળખાવશો નહીં. બેની ફી ક્યાં ભરીએ ? એકની ફી ભરીએ. તે આત્મા પૂરો જાણ્યો નથી, તેથી પુદ્ગલ નથી જાણ્યું. આત્મા પૂરો જાણે એટલે બીજું રહ્યું એ બધુંય પુદ્ગલ.

## આજ્ઞાથી આત્માને અનુભવો

'આત્મા' તો 'જ્ઞાન સ્વરૂપ' છે, પણ એનો 'પ્રકાશ' ઉત્પન્ન થાય છે, એ સ્વભાવિક પ્રકાશ છે. તે બહારની અવસ્થાઓને જો જો કર્યા કરે છે. એક જુએ, પૂરું થાય, પછી બીજું જુએ, ત્રીજું જુએ. એ અવસ્થાઓ કેવી હોય ? ઉત્પન્ન થાય, થોડો વખત ટકે અને પાછું લય થાય. પુદ્ગલમાંય આવા જ પર્યાય ઊભા થાય છે. પુદ્ગલના પર્યાયને 'તમે' જોઈ શકો છો.

**પ્રશ્નકર્તા :** એટલે બધી વાતનો સાર પોતે આત્મામાં રહેવું નિરંતર.

**દાદાશ્રી :** બીજું શું છે ? દેહમાં તો ગધેડોય રહે છે અને તમેય રહો, તો શું ફેર પડ્યો ?

**પ્રશ્નકર્તા :** કશું નહીં, નકામું ગયું ! દાદા, તમે તમારા પાડોશીને કેવી રીતે જુઓ-કરો છો ?

**દાદાશ્રી :** સરસ રીતે, બહુ સારા માણસ છે એ હું જાણું ને, નાનપણથી જ ! આમ સારા માણસ છે, ઘણા સારા માણસ છે. કશી ડખલ નહીં, કશી ભાંજગડ નહીં, કંઈ જોઈએ નહીં, કંઈ હેરાનગતિ નહીં. વહેલા ઉઠાડો તોય વાંધો નહીં, મોડા ઉઠાડો તોય વાંધો નહીં. નીચે મહાત્મા આવ્યા છે, કહેતાની સાથે અડધો કલાકમાં ઊઠીનેય આવતા રહે નીચે. તને એમ લાગ્યું અમને પજવતા હશે ? ના. અરે, આ તો પજવતા નથી પણ હીરાબાનેય પજવતા નથી ને, કોઈ દહાડોય !

**પ્રશ્નકર્તા :** જે આત્મા ને પુદ્ગલનું ડિમાર્કેશન છે ને, આપને જેવી રીતે છૂટો લાગે એવી રીતે અમને આત્મા છૂટો કઈ રીતે લાગે ?

**દાદાશ્રી :** છૂટો જ છે ને !

**પ્રશ્નકર્તા :** છે પણ આપ જે રીતે જોઈ શકો છો, આત્મા જુદો અને પુદ્ગલ જુદું એવું અમે જોઈ શકીએ ખરા ?

**દાદાશ્રી :** એ સ્ટેશન આવે ત્યારે જોવાય ને !

**પ્રશ્નકર્તા :** એટલે એ કઈ રીતનું હોય ?

**દાદાશ્રી :** કશું રીત ના હોય. આ આત્મા ને પુદ્ગલ ! આ બે અડીને જ છે, પણ સંગ નથી બેને.

**પ્રશ્નકર્તા :** પણ આ જે તમે બેઠા છો અત્યારે અને દાદા ભગવાન 'દાદા'ને જુએ છે, એ કઈ રીતે આમ જુએ છે ?

**દાદાશ્રી :** સ્વ-પર દૃષ્ટિથી. સ્વની દૃષ્ટિ ને પરની દૃષ્ટિથી. મેં જે તમને આત્મા આપ્યો એની દૃષ્ટિ જુદી અને આની દૃષ્ટિ જુદી. આ જે રૂમ દેખાય છે એ દૃષ્ટિ જુદી, પરની દૃષ્ટિ કહેવાય અને પેલી સ્વની દૃષ્ટિ. અને સ્વદૃષ્ટિ જુદી હોય. સ્વ અને પર બેઉ જુદું દેખાય. આ પર ને આ સ્વ, તમે હઉ સમજો છો ને, પણ તમારે ઊંડા ઉતરવાની જરૂર નથી. પણ આપણને તો સમજાય ને કે ભઈ, આ બધું જુદું. તમને ખબર ના પડે કે આ પર છે, આ સ્વ ન્હોય ?

**પ્રશ્નકર્તા :** હા, એ તો ખબર પડે.

**દાદાશ્રી :** એ જ દૃષ્ટિ. આ ન્હોય ને આ હું, આ ન્હોય ને આ હું. એટલે આ જ મજબૂત કરી દો ! આ રોડ બધા કાચા હોય ને પછી આગળ રોડ કરીએ ને તો પછી પેલું કાચું પડી જાય અને આ રોડ જે મજબૂત છે ને જ્યાં સુધી દેખાયો ત્યાં સુધી એને મજબૂત થઈ જવા દો બરાબર. એ તો નિયમથી જ આ બધું કામ કરે છે. તમારે એ બધી ભાંજગડમાં ઉતરવાનું નહીં. નહીં તો અહીં હતો એવો ડખલવાળો થઈ જાય. ત્યાં ડખલની જરૂર જ નહીં.

આત્મા સિવાય આ જગતમાં બીજું કંઈ જ સરસ નથી. આ તો પૂર્વે જેનો પરિચય કરેલો હોય, એ પહેલાનો પરિચય અત્યારે ડખો કરાવે છે. આપણે (હવે) આજ્ઞામાં રહો. આજ્ઞાની બહાર નીકળીએ એ ભયંકર ગુનો કહેવાય. આ તો પહેલાની જે ટેવો પડી ગયેલી ને, તે બધી હેબિટ (ટેવ) આ હેરાન કરે. બાકી, પાંચ આજ્ઞા જ પાળવાની. બીજી ડખલમાં ઉતરવાનું જ નહીં.

**- જય સચ્ચિદાનંદ**

**Atmagnani Pujya Deepakbhai's UK - Germany Satsang Schedule - 2026**

| Date | Day | From | to | Event | Venue |
|---|---|---|---|---|---|
| 25-Mar-26 | Wed | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | Ramgarhia Community Centre, Ulverscroft Road, **Leicester**, LE4 6BY |
| 26-Mar-26 | Thu | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | |
| 27-Mar-26 | Fri | 7:00 PM | 10:00 PM | **GNAN VIDHI** | |
| 28-Mar-26<br>01-Apr-26 | Wed<br>Sun | All Days | | For UK Mahatmas Only<br>Prior Registration Required | Scotland - Glasgow |
| 03-Apr-26 | Fri | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | Harrow Leisure Centre, Byron Hall, Christchurch Avenue, **Harrow**, HA3 5BD. |
| 04-Apr-26 | Sat | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 04-Apr-26 | | 7:30 PM | 10:00 PM | Pujyashree Satasang | |
| 05-Apr-26 | Sun | 10:30 AM | 12:30 PM | Aptaputra Satasang | |
| 05-Apr-26 | | 4:30 PM | 7:30 PM | **GNAN VIDHI** | |
| 06-Apr-26 | Mon | 7:30 AM | 10:00 PM | Pujyashree Satasang | |
| 08-Apr-26<br>12-Apr-26 | Wed<br>Sun | All Days | | UK Shibir<br>Prior Registration Required | Weston-Super-Mare |
| 17-Apr-26<br>21-Apr-26 | Fri<br>Tue | All Days | | Akram Vignan Event<br>Prior Registration Required | Willingen - Germany |

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### રાજકોટ

**૭ & ૯ ફેબ્રુઆરી** (શનિ-સોમ) સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** તથા **૮ ફેબ્રુઆરી** (રવિ) સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** ઓપન ગ્રાઉન્ડ, મવડી ઈન્ડોર સ્ટેડિયમ સામે, ૮૦ ફૂટ રોડ, મવડી, રાજકોટ. **સંપર્ક :** 9909977440

### વેરાવળ ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

**૧૩ ફેબ્રુઆરી** (શુક્ર) સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૧૪ ફેબ્રુઆરી** (શનિ) સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**૧૫ ફેબ્રુઆરી** (રવિ) - **પ્રાણપ્રતિષ્ઠા** : સવારે ૧૦ થી ૧૨-૩૦

- **પ્રક્ષાલ-પૂજન-આરતી** : સાંજે ૪-૩૦ થી ૭-૩૦

**સ્થળ : ત્રિમંદિર,** ડિવાઈન રિસોર્ટ પાસે, છત્રોડા સર્વિસ રોડ, વેરાવળ. **સંપર્ક :** 9924344459

**વિશેષ સૂચના :** પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ એક દિવસનો હોવાથી રહેવાની સુવિધા નથી. જે મહાત્મા-મુમુક્ષુઓ પ્રતિષ્ઠાના દિવસે સીધા જ મહોત્સવ સ્થળ પર પહોંચશે, તેમના માટે બાથરૂમ-ટોઈલેટની સુવિધા રહેશે.

### અડાલજ

**૨૧ ફેબ્રુઆરી** (શનિ) સાંજે ૫ થી ૭ - **સત્સંગ** તથા **૨૨ ફેબ્રુઆરી** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

**૧૯ માર્ચ** (ગુરુ) - **પૂજ્ય નીરુમાની ૨૦મી પુણ્યતિથિ પર વિશેષ કાર્યક્રમ**

### દિલ્હી

**૨૭-૨૮ ફેબ્રુઆરી** (શુક્ર-શનિ) સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૧ માર્ચ** (રવિ) સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** JMD ટેન્ટ્સ, સ્વર્ણ જયંતી પાર્ક, સેક્ટર ૧૦, રોહિણી, દિલ્હી. **સંપર્ક :** 8287705272

### પુણે

**૧૩-૧૪ માર્ચ** (શુક્ર-શનિ) સાંજે ૬ થી ૯ - **સત્સંગ** તથા **૧૫ માર્ચ** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** એક્ઝિબિશન ગ્રાઉન્ડ AISSMS, RTO ઓફિસની પાસે, કેનેડી રોડ, પુણે. **સંપર્ક :** 7875740566

---

### પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦
- **'ધર્મ સંદેશ' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'સાધના ગોલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૭ (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 (हिन्दी में)
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ सुबह 7-30 से 8 और दोपहर 3 से 4 (हिन्दी में)

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** 9328661166-77; **રાજકોટ :** 9924343478; **ભુજ :** 9924345588; **ગોધરા :** 9723707738; **મોરબી :** 9924341188; **સુરેન્દ્રનગર :** 9737048322; **અમરેલી :** 9924344460; **વડોદરા :** 9574001557; **અંજાર :** 9924346622; **જામનગર :** 9924343687; **જૂનાગઢ :** 9924344489; **મુંબઈ :** 9323528901; **ભાવનગર :** 9313882288; **અમદાવાદ (દાદા દર્શન) :** 9574001445; **વડોદરા (દાદા મંદિર) :** 9924343335

**U.S.A. Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## અડાલજ : દાદાશ્રીની ૩૮મી પુણ્યતિથિએ અક્રમ ટુર : તા. ૨ જાન્યુઆરી ૨૦૨૬




## ઈન્દોર : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૯ થી ૧૧ જાન્યુઆરી ૨૦૨૬



## અડાલજ : પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ અડાલજ ત્રિમંદિર સંકુલની મુલાકાતે : તા. ૧૨-૧૩ જાન્યુઆરી ૨૦૨૬



ફેબ્રુઆરી ૨૦૨૬
વર્ષ-૩૧, અંક-૬
સળંગ અંક-૩૬૬

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## જ્ઞાતા-દ્રષ્ટા સિવાયનું બધુંય ડખોડખલ

જ્ઞાતા-દ્રષ્ટા સિવાય બધુંય ડખોડખલ, એનું નામ જ સંસાર ! પણ હવે જ્ઞાતા-દ્રષ્ટા તો ના રહેવાય તે વાસ્તવિકતા છે, કે ભઈ, માણસની એટલી શક્તિ નથી. બાકી જ્ઞાતા-દ્રષ્ટા રહ્યો એ ભગવાન જ થઈ ગયો. પણ ત્યાં સુધી હવે કેમ કરવું ? તો મહીં ડખો કરવાનો વિચાર આવે તે ઘડીએ પ્રતિક્રમણ કરી લેવું. એટલે પછી એ ડખલ થઈ નહીં. ડખલ થઈ હતી પણ વાળી દીધી આપણે. એક્ઝેક્ટ જ્ઞાતા-દ્રષ્ટા ના રહેવાય તો પ્રતિક્રમણ કરવું. 'આટલી બધી ઉતાવળથી શું કરવા ગાડી ચલાવો છો?' બોલાઈ જવાયું તો આપણે પ્રતિક્રમણ કરવું પછી કે, આ ભૂલ થઈ આપણી. એટલે ડખોડખલ કરે છે, એ જ ભાંજગડ છે અને તેને લીધે આ સંસાર ઊભો રહ્યો છે.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ.બી. કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.